

RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 045
Dt.: 26-10-2025,
Sunday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### ઓલ ઈઝ નોટ વેલ ઈન યુએન : વિદેશ મંત્રી

## જયશંકરે સંયુક્ત રાષ્ટ્રની કામગીરી પર ઘણા ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા

### UNSC સભ્યો પર આતંકવાદી જૂથોને બચાવવાનો આરોપ લગાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સંયુક્ત રાષ્ટ્ર (UN)ની સ્થાપનાના ૮૦ વર્ષ પૂરા થઈ ગયા છે. આ પ્રસંગે રાજધાની દિલ્હીમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે હાજરી આપી. મંચ પર જયશંકરે સંયુક્ત રાષ્ટ્રની કામગીરી અંગે અનેક ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા. તેમણે કહ્યું કે, ઓલ ઈઝ નોટ વેલ ઈન યુએન. ત્યારબાદ તેમણે UNSC સભ્યો પર આતંકવાદી જૂથોને બચાવવાનો આરોપ લગાવ્યો. વિદેશ મંત્રીએ કહ્યું કે, સંયુક્ત રાષ્ટ્રની કામગીરીમાં હવે ઘણી ખામીઓ છે. તેમણે કહ્યું કે, આપણે સ્વીકારવું જોઈએ કે સંયુક્ત રાષ્ટ્રમાં બધું બરાબર નથી. નિર્ણયો લેતા સમયે તે બધા દેશોનું પ્રતિનિધિત્વ કરતું નથી અને ન તો તે દુનિયાની મુખ્ય જરૂરિયાતો પર ધ્યાન આપે છે. ચર્ચાઓ હવે ખૂબ જ વિભાજિત થઈ ગઈ છે અને કામગીરી સ્થિર દેખાય છે. જયશંકરે કહ્યું કે, આતંકવાદ પ્રતિ સંયુક્ત રાષ્ટ્રની પ્રતિક્રિયા તેમની વિશ્વસનીયતા પર પ્રશ્નો ઉભા કરે છે. ગ્લોબલ સાઉથ (વિકાસશીલ દેશો)માં વિકાસ હવે ધીમો પડી રહ્યો છે. વિદેશ મંત્રીએ કહ્યું કે, આજે પણ દુનિયા ઘણા મોટા વિવાદોનો સામનો કરી રહી છે. આ માત્ર માનવ જીવનને જ નહીં, પરંતુ સમગ્ર આંતરરાષ્ટ્રીય સમુદાયને પ્રભાવિત કરી રહ્યા છે. ગ્લોબલ સાઉથ આ પીડા અનુભવી રહ્યું છે. યુએનમાં બદલાવ આજે સૌથી મોટો પડકાર બની ગયો છે.જયશંકરે UN સુરક્ષા પરિષદના કેટલાક સભ્ય દેશો પર આતંકવાદી જૂથોને બચાવવાનો આરોપ લગાવ્યો. આ દરમિયાન તેમણે કહ્યું કે, જ્યારે સુરક્ષા પરિષદના કોઈ વર્તમાન સભ્ય પહેલગામ જેવા ક્રૂર આતંકવાદી હુમલાની જવાબદારી લેનારા સંગઠનોનો ખુલ્લેઆમ બચાવ કરે છે. તો આનાથી સંસ્થાની વિશ્વસનીયતા પર શું અસર પડે છે? તેમણે વધુમાં કહ્યું કે, જો વૈશ્વિક વ્યૂહરચનાના નામે ફક્ત આતંકવાદના પીડિતોને જ સમાન દરજ્જો આપવામાં આવે તો દુનિયા કેટલી સ્વાર્થી બની શકે છે. આ વિચારવા જેવી વાત છે.જયશંકરે એમ પણ કહ્યું કે, આશા હજુ પણ છે. આ મહત્વપૂર્ણ વર્ષગાંઠ પર આપણે ઉમ્મીદ ન છોડવી જોઈએ. બહુપક્ષીયતા પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતા ભલે ગમે તેટલી ખામી હોય, મજબૂત રહેવી જોઈએ. તેમણે કહ્યું કે, આજની બેઠક એકતા અને સહિયારા હેતુનો સંદેશ આપે છે. આંતરરાષ્ટ્રીય સહયોગને ફરીથી નવુ સ્વરૂપ આપી શકાય છે.



### નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મચાડોનું મોટું નિવેદન

## ભારત એક મહાન લોકશાહી દેશ, ગાંધીજીએ ઘણું શીખવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)વેનેઝુએલા

વેનેઝુએલામાં લોકશાહી માટે બે દાયકાથી લડતા અને ૨૦૨૫ના નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મારિયા કોરીના મચાડોએ ભારતને મહાન લોકશાહી દેશ અને દુનિયા માટે એક ઉદાહરણ ગણાવી તેની સરાહના કરી છે. છેલ્લા ૧૫ મહિનાથી ગુપ્ત સ્થળે રહેલા મચાડોએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે, ભારત એક મહાન લોકશાહી દેશ છે. આખી દુનિયા તમને જુએ છે. આ માત્ર એક સિદ્ધિ નહીં, પણ એક જવાબદારી પણ છે. લોકશાહીને હંમેશા મજબૂત કરવી જોઈએ અને ક્યારેય હળવાશથી ન લેવી જોઈએ. હું ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરવા માગું છું અને મને આશા છે કે હું બહુ જલ્દી એક સ્વતંત્ર વેનેઝુએલામાં પીએમ મોદીની મહેમાનગતિ કરી શકીશ.''

ભારત પ્રત્યે સન્માન વ્યક્ત કરતાં મચાડોએ કહ્યું કે, હું ભારતના વખાણ દિલથી કરું છું. મારી પુત્રી થોડા મહિના પહેલા ભારત ગઈ હતી અને તેને ભારત દેશ ખૂબ જ ગમ્યો. મારા ઘણા વેનેઝુએલન મિત્રો ભારતમાં રહે છે. હું ભારતીય રાજકારણને પણ નજીકથી ફોલો કરું છું. તેમજ મહાત્મા ગાંધીના અહિંસક સંઘર્ષમાંથી મને પ્રેરણા મળે છે. શાંતિપૂર્ણ હોવું એ નબળાઈ નથી. ગાંધીજીએ આખી માનવતાને એ શીખવ્યું કે અહિંસામાં કેટલી તાકાત હોય છે.

વર્ષ ૨૦૨૪ની વેનેઝુએલાની રાષ્ટ્રપતિ ચૂંટણીઓ વિશે વિસ્તૃત વાત કરતાં મચાડોએ એવો દાવો કર્યો કે સરકારે વિપક્ષની જીત ચોરી લીધી હતી. તેમણે જણાવ્યું કે, ૨૮ જુલાઈ, ૨૦૨૪ના રોજ અમે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં જંગી બહુમતી મેળવીને જીત હાંસલ કરી હતી. જોકે, મને વિપક્ષના ઉમેદવાર તરીકે ૯૩% વોટથી પસંદ કરવામાં આવી હોવા છતાં, શાસને મને ચૂંટણી લડતા રોકી દીધી. પરિણામે, એક પ્રમાણિક અને સાહસી રાજદ્વારીએ મારી જગ્યાએ ઉમેદવાર બનવાની જવાબદારી લીધી અને અમે ૭૦% વોટથી જીત નોંધાવી. મચાડોએ વધુમાં કહ્યું કે, મારી પાસે ૮૫% મૂળ મતદાન સ્લિપનો રેકોર્ડ પણ ઉપલબ્ધ છે. મચાડોએ આરોપ લગાવ્યો કે, રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોએ સત્તા છોડવાના પ્રસ્તાવને ઠુકરાવીને ઈતિહાસના સૌથી ભીષણ દમનની લહેર શરુ કરી દીધી. હજારો નિર્દોષ વેનેઝુએલન ગાયબ કરી દેવાયા. મહિલાઓ અને બાળકો પર અત્યાચાર થયો, તેમને એટલો ત્રાસ આપવામાં આવ્યો કે આખરે મારી નાખવામાં આવ્યા. મારિયા કોરીના મચાડો વેનેઝુએલાની મુખ્ય વિપક્ષી નેતા અને રાજકીય કાર્યકર્તા છે. તેમને ૨૦૨૫નો નોબેલ શાંતિ પુરસ્કાર તેમના અહિંસક લોકશાહી સંઘર્ષ માટે આપવામાં આવ્યો છે. મચાડો છેલ્લા દોઢ વર્ષથી માદુરો સરકારના દમનને કારણે છુપાઈને જીવન જીવી રહ્યા છે, પરંતુ તેમનું આંદોલન હજુ પણ ચાલુ છે.

### મુંબઈ જવું હોય તો મરાઠી બોલવી પડશે

## જમીન બાદ હવે આકાશમાં મરાઠી ભાષા અંગે વિવાદ

### ફ્લાઈટ AI676માં એક યુટ્યુબર અને એક મહિલા મુસાફર વચ્ચે થયેલા વિવાદનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

કોલકાતાથી મુંબઈ જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI676માં એક યુટ્યુબર અને એક મહિલા મુસાફર વચ્ચે થયેલા વિવાદનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. વીડિયો અપલોડ કરનાર યુટ્યુબર માહી ખાન માહીનેર્જી નામની યુટ્યુબ ચેનલ ચલાવે છે. આ વીડિયોમાં મહિલાને યુવકને ધમકાવતા સાંભળી શકાય છે કે, જો તમારે મુંબઈ જવું હોય તો મરાઠી બોલવી પડશે, અને જ્યારે યુવકે મરાઠી બોલવાનો ઈન્કાર કર્યો, ત્યારે મહિલાએ કહ્યું, મુંબઈ ઉતર, પછી બતાવું છું કે ગેરવર્તણૂક શું હોય છે. આ વીડિયો વાઈરલ થવાને કારણે સોશિયલ મીડિયા પર ભારે આક્રોશ ફેલાયો છે. વીડિયોમાં મહિલાએ યુવકને એવું કહેતા સાંભળી શકાય છે કે મરાઠી બોલો અથવા મુંબઈ છોડી દો. વીડિયો પોસ્ટ કરતી વખતે યુવકે લખ્યું, આજે એર ઈન્ડિયાની ફ્લાઈટ AI676માં એક મહિલાએ મને આ જ કહ્યું, અને પછી મને મરાઠી ન બોલવા બદલ ધમકાવ્યો. ૨૦૨૫માં એક એવા દેશમાં જે ગર્વથી 'વિવિધતામાં એકતા' કહે છે, ત્યાં આવું જોવા મળે છે.

વીડિયોમાં યુવક એ પણ જણાવે છે કે મહિલા સીટ 16A પર બેઠી હતી અને બૂમો પાડી રહી હતી કે મરાઠીમાં વાત કરો કારણ કે તું મુંબઈ જઈ રહ્યો છે. જ્યારે યુવકે શાંતિથી પૂછ્યું, આ શું ગેરવર્તણૂક છે? તો મહિલાએ કહ્યું, મુંબઈ ઉતર, પછી બતાવું છું કે ગેરવર્તણૂક શું હોય છે. આ વાઈરલ વીડિયો પર ઘણા લોકો ટિપ્પણી કરી રહ્યા છે, કેટલાકનું કહેવું છે કે કદાચ આ સંપૂર્ણ વીડિયો નથી અને આખા મામલાની કોઈને ખબર નથી. જ્યારે, કેટલાક લોકોએ યુવક સાથે સહમતિ વ્યક્ત કરતાં કહ્યું કે, કોઈ ભાષાને જબરજસ્તી લાદવી ખોટું છે અને કોઈ પણ મુસાફરને કોઈ ભાષા બોલવા માટે મજબૂર કરી શકાય નહીં.

### અબકી બાર મોદી સરકારનો આપ્યો હતો નારો

## જાણીતા એડ ગુરૂ પીયુષ પાન્ડેયનું થયેલું નિધન

### તેમણે ચાર દાયકાથી વધુ સમય સુધી ઓગિલ્વી ઈન્ડિયામાં કામ કર્યું અને જાહેરાતની દુનિયા બદલી નાખી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

દેશના જાણીતા એડ ગુરૂ પીયુષ પાન્ડેયનું નિધન થઈ ગયું છે. તેમણે જાહેરાતની દુનિયામાં નવા રંગ ભર્યા હતા અને તેમના ઘણા કેમ્પેન ખૂબ ચર્ચિત રહ્યા અને ઘર-ઘરમાં બ્રાન્ડ્સની ઓળખ બની. જેમ તેમણે એશિયન પેન્ટ્સનું કેમ્પેન સ્લોગન લખ્યું હતું- હર ખુશી મેં રંગ લાએ. આ સિવાય કેડબરીની એડ કુછ ખાસ હૈ પણ તેમની કલમમાંથી નીકળી હતી. લાંબા સમય સુધી ભારતની વિવિધતામાં એકતાને દર્શાવનાર ગીત મિલે સુર મેરા તુમ્હારાના લેખક પણ તેઓ હતો. આ ગીત તો દૂરદર્શનનું થીમ સોન્ગ બની ગયું હતું. પછી ઈન્ટરનેટનો પ્રસાર થવા પર લોકો યુટ્યુબ પર જઈને આ ગીત સાંભળતા હતા. તેમણે ફેવિકોલ, હચ જેવી કંપનીઓ માટે પણ ઘણા સફળ એડ કેમ્પેનનું નિતૃત્વ કર્યું હતું.પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકારના પ્રચારનો નારો પણ તેમણે આવ્યો હતો, જે ખૂબ ચર્ચિત રહ્યો. આ નારો હતો- અબકી બાર મોદી સરકાર. પીયુષ પાન્ડેયને ભારતીય જાહેરાત ઈન્ડસ્ટ્રીમાં મોટા ફેરફાર માટે ઓળખવામાં આવે છે. તેમમે જાણીતી એડ કંપની ઓગિલ્વી ઈન્ડિયાની સાથે આશરે ચાર દાયકા કામ કર્યું. આ કંપની દેશમાં જાહેરાતની દુનિયાનો પર્યાય બની રહી અને તેમાં મહત્વની ભૂમિકા પીયુષ પાન્ડેયની માનવામાં આવે છે. તેમના નિધનની સાથે જાહેરાતની દુનિયાના એક યુગનો અંત આવી ગયો છે. તેમની શાનદાર મૂંછો અને હસમુખ ચહેરાને હંમેશા યાદ કરવામાં આવશે. તેમને ભારતીય સમાજની ભાષા, પરંપરાની ઊંડી સમજ હતી. આ કારણ હતું કે તેમના ઘણા કેમ્પેન સીધા લોકોના દિલ સુધી પહોંચ્યા હતા. પ્રોડક્ટ લોકપ્રિય થઈ તો તેમણે બનાવેલી જાહેરાતની ખૂબ ચર્ચા થઈ અને લોકો આતૂરતાથી આ જાહેરાત જોતા હતા. પીયુષ પાન્ડેય ૧૯૮૨મા ઓગિલ્વી ઈન્ડિયામાં જોડાયા હતા. આ પહેલા તેઓ એક ક્રિકેટર રહ્યા હતા. આ સિવાય ચાના બગીચામાં પણ કામ કર્યું હતું. પીયુષ પાન્ડેયે એશિયન પેન્ટ્સ, કેડબરી સહિત ઘણી કંપનીઓના કેમ્પેનને નવી ઊંચાઈઓ આપી હતી. કેન્દ્રીય મંત્રી પીયુષ ગોયલે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યુ, પદ્મ શ્રી પીયુષ પાન્ડેયના નિધન પર મારી ઉદાસી જાહેર કરવા માટે શબ્દો નથી. જાહેરાતની દુનિયામાં એક મહાન હસ્તી, તેમની ક્રિએટિવ જીનિયે કહાની કહેવાની રીતને ફરીથી પરિભાષિત કરી અને આપણે યાદગાર અને હંમેશા યાદ રહેનાર કહાનીઓ આપી. પીયુષ પાન્ડેયનો જન્મ ૧૯૫૫મા જયપુરમાં થયો હતો. તેમને પરિવારમાં સાત બહેનો અને બે ભાઈ હતા. પીયુષ પાન્ડેયના પિતા બેંકમાં કામ કરતા હતા. પાન્ડેય ઘણા વર્ષો સુધી ક્રિકેટ રમ્યા હતા. ત્યારબાદ જાહેરાતની દુનિયામાં પગ મુક્યો હતો.

## અફઘાનિસ્તાન પાકિસ્તાનમાં વહેતી નદી પર ડેમ બંધાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)કાબુલ

ગત એપ્રીલ મહિનામાં જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે સિંધુ જળ સંધી રદ કરી હતી, અને પાકિસ્તાનને આપવા આવતા પાણીમાં ઘટાડો કર્યો હતો. હવે અફઘાનિસ્તાને પણ કંઈક આવો જ નિર્ણય લીધો છે. તાલીબાન સાશને જાહેરાત કરી છે કે કુનાર નદી પર શક્ય તેટલી વહેલી તકે ડેમ બાંધવામાં આવશે, જેથી પાકિસ્તાનને મળતા પાણી પર નિયંત્રણ કરી શકાય. અફઘાનિસ્તાનના તાલિબાન સાશન કાર્યકારી પાણી પ્રધાન મુલ્લા અબ્દુલ લતીફ મન્સૂરે X પર પોસ્ટ કરી જણાવ્યું હતું કે, સુપ્રીમ લીડર મૌલવી હિબાતુલ્લાહ અખુંદઝાદા તરફથી કુનાર નદી પર શક્ય તેટલી વહેલી તકે ડેમ બાંધવા આદેશ આપવામાં આવ્યો છે. મન્સૂરે પોસ્ટમાં લખ્યું, ''અફઘાનિસ્તાનને પોતાના પાણીનું મેનેજમેન્ટ કરવાનો અધિકાર છે અને ડેમનું બાંધકામ વિદેશી કંપનીઓને બદલે સ્થાનિક કંપનીઓ દ્વારા કરવામાં આવશે.'' ગત મહીને પાકિસ્તાન અને અફગાનિસ્તાનની સેના વચ્ચે સશસ્ત્ર સંઘર્ષ જામ્યો હતો, જેમાં બંને પક્ષોએ ખુવારી થઈ હતી.




### અબ્દુલ્લાએ કહ્યું અમારામાં કોઈએ ક્રોસ વોટિંગ નથી કર્યું

## ૨૮ ધારાસભ્ય ધરાવતી ભાજપને ૩૨ વોટ કેવી રીતે મળ્યા?

### ઓમર અબ્દુલ્લાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આશ્ચર્ય વ્યક્ત કર્યું કે તેમના ઉમેદવારને ચાર વધારાના મત કેવી રીતે મળ્યા!

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

જમ્મુ અને કાશ્મીરની ચાર રાજયસભા બેઠકોની ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે, જેમાં નેશનલ કોન્ફરન્સને ત્રણ અને બીજેપીને એક બેઠક મળી છે. બીજેપીની આ જીત બાદ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આશ્ચર્ય વ્યક્ત કર્યું કે તેમના ઉમેદવારને ચાર વધારાના મત કેવી રીતે મળ્યા! તેમણે ભારપૂર્વક જણાવ્યું કે અમારી પાર્ટીના કોઈ પણ ધારાસભ્યએ ક્રોસ વોટિંગ કર્યું નથી. તેથી, આ ચાર વધારાના વોટ ક્યાંથી આવ્યા તે મોટો પ્રશ્ન છે.

ઓમર અબ્દુલ્લાએ X પર પોસ્ટ કરીને જણાવ્યું કે, નેશનલ કોન્ફરન્સના બધા જ વોટ સુરક્ષિત રહ્યા, કારણ કે અમારા એજન્ટે દરેક મતપત્રક (સ્લિપ) ચકાસી લીધું હતું. તો પ્રશ્ન એ થાય કે તે કયા ધારાસભ્યો હતા જેમણે જાણી જોઈને ખોટો વરિષ્ઠતા ક્રમાંક (preference number) આપીને પોતાના વોટ રદ કરાવ્યા?"

આગળ, ઓમર અબ્દુલ્લા પડકાર ફેંકતા કહ્યું કે, અમને વોટ આપવાનું વચન આપ્યા બાદ બીજેપીને મદદ કરી હોવાની વાત સ્વીકારવાની હિંમત શું તેઓ કરી શકશે? બીજેપીની 'સિક્રેટ ટીમ'નો કોઈ સભ્ય પોતાનો અંતરાત્મા વેચ્યાની કબૂલાત કરે છે કે નહીં, તે જોવાનું રહે છે. જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં બીજેપી પાસે ૨૮ ધારાસભ્યોનું સંખ્યાબળ છે, તેમ છતાં તેમના ઉમેદવાર સત શર્માને ૩૨ વોટ મળ્યા, જે તેમના સંખ્યાબળ કરતાં ચાર વધારે છે. ઓમર અબ્દુલ્લાનો પ્રશ્ન મુખ્યત્વે આ ચાર વધારાના વોટ વિશે છે. જમ્મુ અને કાશ્મીરની ચાર બેઠકો માટે યોજાયેલી ચૂંટણી માટે ત્રણ અલગ-અલગ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યા હતા. પ્રથમ નોટિફિકેશનમાં નેશનલ કોન્ફરન્સના ચૌધરી મોહમ્મદ રમઝાન સામે બીજેપીના અલી મોહમ્મદ મીર સ્પર્ધામાં હતા, જેમાં નેશનલ કોન્ફરન્સના ઉમેદવારને ૫૮ વોટ મળ્યા જ્યારે બીજેપીના ઉમેદવારને તેમના સંખ્યાબળ મુજબ માત્ર ૨૮ વોટ જ મળી શક્યા. બીજી બેઠક પર નેશનલ કોન્ફરન્સના સજ્જાદ કિચલૂનો સીધો મુકાબલો બીજેપીના રાકેશ મહાજન સામે હતો. કિચલૂને ૫૭ વોટ મળ્યા અને એક વોટ રદ થયો. બીજેપી ઉમેદવારને ૨૮ વોટ મળ્યા.

ત્રીજું નોટિફિકેશન બે બેઠકોની ચૂંટણીને લઈને હતું. નેશનલ કોન્ફરન્સે બંને બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા હતા. નેશનલ કોન્ફરન્સે જીએસ ઓબેરોય ઉર્ફે શમી ઓબેરોય અને ઈમરાન નબી ડારને મેદાનમાં ઉતાર્યા હતા. વળી, બીજેપીએ જમ્મુ અને કાશ્મીર અધ્યક્ષ સત શર્માને ઉમેદવાર બનાવ્યા હતા. નેશનલ કોન્ફરન્સના શમ્મી ઓબેરોયને ૩૧ વોટ મળ્યા, જ્યારે ડાર ૨૧ વોટ જ મેળવી શક્યા. બીજેપીના સત શર્માને ૩૨ વોટ મળ્યા. ત્રણ વોટ રદ થયા. સત શર્માની તરફેણમાં અપક્ષ ધારાસભ્યોએ મતદાન કર્યું હોવાની અટકળો લગાવવામાં આવી રહી છે.

# તંત્રી લેખ......

## દેશમાં જાહેર સલામતી ભગવાનની દયા પર છે

આપણા દેશમાં જાહેર પરિવહનનું અત્યંત જોખમ દસ દિવસમાં બે એસી બસોમાં આગ લાગવાથી ૪૫ થી વધુ મુસાફરોના મૃત્યુ પરથી સ્પષ્ટ થાય છે. ૧૪ ઓક્ટોબરના રોજ થયેલા પ્રથમ અકસ્માતમાં, જેસલમેરથી જોધપુર જતી એક એસી બસમાં શોર્ટ સર્કિટથી ૨૬ મુસાફરોના મોત થયા હતા. આ ભયાનક અકસ્માતની તપાસમાં જાણવા મળ્યું હતું કે બસના બાંધકામમાં અનેક નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું.

બીજી ઘટના ગઈકાલે આંધ્રપ્રદેશમાં બની હતી. હૈદરાબાદથી બેંગલુરુ જતી એક એસી બસમાં આગ લાગતાં વીસ મુસાફરોના મોત થયા હતા. આ અકસ્માતનું કારણ બસ નીચે મુસાફરી કરતી એક મોટરસાઈકલ હોવાનું માનવામાં આવે છે, જેના કારણે તેની ઇંધણ ટાંકીને નુકસાન થયું હતું અને તેમાં આગ લાગી હતી. આશ્ચર્યજનક નથી કે, આ અકસ્માત પણ નબળી બસ જાળવણી અને યોગ્ય સલામતી નિરીક્ષણના અભાવને કારણે થયો હતો.

ડઝનબંધ લોકો માર્યા ગયેલા બંને એસી બસો ખાનગી કંપનીઓની હતી. એવું માની શકાય છે કે સંચાલનની પરવાનગી આપતા પહેલા તેઓએ ફિટનેસ તપાસ કરાવી હતી, પરંતુ એવું કહેવું મુશ્કેલ છે કે આ માત્ર ઔપચારિકતા નહોતી. તે પણ અસંભવિત છે કે તેમની પાસે પૂરતા સલામતી પગલાં છે તેની ખાતરી કરવા માટે તેમનું યોગ્ય રીતે નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આપણા દેશમાં મોટી સંખ્યામાં ખાનગી બસો ખરાબ સ્થિતિમાં છે તે કોઈ રહસ્ય નથી. ઘણીવાર, તેમના ડ્રાઈવરો પણ અકુશળ હોય છે. એસી બસોના ઈમરજન્સી દરવાજા એવી હાલતમાં છે કે તેમને ભાગ્યે જ ખોલી શકાય છે. બંને બસ અકસ્માતોમાં માર્યા ગયેલા મુસાફરો માટે ઉચ્ચ સ્તરના નેતાઓએ સંવેદના વ્યક્ત કરી અને કારણોની તપાસનો આદેશ આપ્યો તે સંતોષકારક નથી, કારણ કે દરેક મોટા અકસ્માત પછી આવું કરવામાં આવે છે, અને પરિણામ ઘણીવાર ઢાંકપિછોડો જ હોય છે. અત્યાર સુધીનો અનુભવ દર્શાવે છે કે સૌથી ભયાનક બસ અકસ્માતોમાંથી પણ કોઈ પાઠ શીખવામાં આવતો નથી. આનું કારણ એ છે કે સલામત જાહેર પરિવહન પ્રાથમિકતા નથી. પરિણામે, જાહેર પરિવહન, પછી ભલે તે સરકારી હોય કે ખાનગી, દરરોજ અકસ્માતો ચાલુ રહે છે. ઘણીવાર, આ અકસ્માતોમાં જીવ ગુમાવવાને કાયદાની બાબત તરીકે સ્વીકારવામાં આવે છે, અને માફી માંગતી અભિવ્યક્તિઓને ફરજની બાબત તરીકે ફગાવી દેવામાં આવે છે. આ એક અવિચારી વલણ છે. આ વલણ જાહેર સલામતીના દરેક પાસાની અવગણના તરફ દોરી જાય છે. જાહેરમાં તકેદારીના અભાવે થતા અકસ્માતો, અને ખાસ કરીને માર્ગ સલામતી, માત્ર અસંખ્ય લોકોના જીવ જ નથી લેતા, પરંતુ રાષ્ટ્રને બદનામ પણ કરે છે. તે એ પણ સમજાવે છે કે વિકસિત બનવાની ઈચ્છા ધરાવતા દેશમાં જાહેર સલામતી કેવી રીતે ભગવાનની દયા પર છોડી દેવામાં આવે છે.

## ૩૦,૦૦૦થી વધુ લોકો બન્યા ઓનલાઈન રોકાણ કૌભાંડનો શિકાર: છ મહિનામાં રૂ.૧૫૦૦ કરોડનું ફ્રોડ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગૃહ મંત્રાલયની સાયબર શાખાએ ઓનલાઈન રોકાણ ફ્રોડ અંગે એક અહેવાલ જાહેર કર્યો છે. આ રિપોર્ટ મુજબ, છેલ્લા ૬ મહિનામાં ભારતના ૩૦,૦૦૦થી વધુ લોકો સાથે રોકાણના નામે ૧૫૦૦ કરોડ રૂપિયાની નાણાકીય છેતરપિંડી થઈ છે. જે લોકો કૌભાંડનો શિકાર બન્યા છે, તેમાં સૌથી વધુ ૩૦થી ૬૦ વર્ષની વયના હતા. આશ્ચર્યજનક બાબત એ છે કે તેમાંથી ૬૫% કેસ બેંગલુરુ, દિલ્હી-એનસીઆર અને હૈદરાબાદમાં થયા છે.

ભારતીય સાયબર ક્રાઈમ કો-ઓર્ડિનેશન સેન્ટર(I4C)ના અહેવાલ મુજબ, આ છેતરપિંડીના ૬૫ ટકા કેસ માત્ર ત્રણ મહાનગરો - બેંગલુરુ, દિલ્હી-એનસીઆર અને હૈદરાબાદમાં નોંધાયા છે.

કુલ નાણાકીય નુકસાનમાં બેંગલુરુનો હિસ્સો સૌથી મોટો છે, જે કુલ નુકસાનના એક-ચતુર્થાંશ એટલે કે ૨૬.૩૮% જેટલો છે. આ શહેરો સાયબર અપરાધીઓ માટે અજાણ રોકાણકારોને નિશાન બનાવવાના મુખ્ય કેન્દ્રો બની ગયા છે. જ્યારે દિલ્હીમાં પ્રતિ વ્યક્તિ સૌથી વધુ નુકસાન થયું છે, જ્યાં પીડિતોને સરેરાશ ૮ લાખનું નુકસાન થાય છે.

રિપોર્ટ કરાયેલા કૌભાંડો મોટી રકમ સાથે જોડાયેલા છે, જેમાં દરેક પીડિતને સરેરાશ લગભગ ?૫૧.૩૮ લાખનું મોટું નુકસાન થયું છે. આ દર્શાવે છે કે આ રોકાણ યોજનાઓ જટિલ છે અને વ્યક્તિગત નાણાં માટે મોટો ખતરો ઊભો કરે છે. રિપોર્ટનું વિશ્લેષણ કરતાં જાણવા મળ્યું છે કે જે લોકો ફ્રોડથી પ્રભાવિત થયા છે, તેમાંના મોટાભાગના કામકાજી વય જૂથના છે. આંકડાઓ અનુસાર, સ્કેમર્સે ૩૦થી ૬૦ વર્ષની વયના લોકોને રોકાણના નામે સૌથી વધુ ઠગ્યા છે. ઠગાયેલા લોકોમાં આ વયના લોકોની સંખ્યા ૭૬ ટકાથી વધુ છે. ઠગ લોકો જાણે છે કે આર્થિક રીતે સક્ષમ લોકોમાં નાણાકીય આકાંક્ષાઓ હોય છે અને સ્કેમર્સ આનો જ ફાયદો ઉઠાવે છે.

વરિષ્ઠ નાગરિકોને પણ ઝડપથી નિશાન બનાવવામાં આવી રહ્યા છે, જેમાંથી ૮.૬૨% અથવા લગભગ ૨૮૨૯ લોકો ૬૦ વર્ષથી વધુ વયના છે. સાયબર અપરાધીઓ કૌભાંડો માટે વિવિધ ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરે છે, જેમાં મેસેજિંગ એપ્સ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ મુખ્ય છે. રિપોર્ટ મુજબ, ટેલિગ્રામ અને વોટ્સએપ જેવી મેસેજિંગ એપ્સ લગભગ ૨૦% કેસ માટે જવાબદાર છે. તેમની એન્ક્રિપ્ટેડ પ્રકૃતિ અને ગ્રૂપ બનાવવાની સરળતાને કારણે તે સ્કેમર્સ માટે આકર્ષક છે. જ્યારે, લિંક્ડઈન અને ટ્વિટર જેવા ઔપચારિક વ્યાવસાયિક નેટવર્કનો ઉપયોગ ઘણો ઓછો એટલે કે માત્ર ૦.૩૧% ઘટનાઓમાં થાય છે. અપરાધીઓ અનૌપચારિક અને સીધા સંદેશા મોકલનારા માધ્યમોને પ્રાધાન્ય આપે છે.

## CM ફડણવીસનો કાર્યવાહીનો આદેશ

# મહિલા ડોક્ટર આપઘાત કેસ: આખા મહારાષ્ટ્રમાં ચકચાર

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

સાતારાના મહિલા ડોક્ટર આત્મહત્યા કેસમાં પોલીસે પીજીના માલિક પ્રશાંત બનકરની ધરપકડ કરી લીધી છે. ધરપકડ બાદ પોલીસ આરોપીને મેડિકલ ટેસ્ટ માટે હોસ્પિટલ લઈ જઈ રહી છે. મહિલા ડોક્ટરે સુસાઈડ નોટમાં પ્રશાંત અને કેટલાક પોલીસકર્મીઓ પર ગંભીર આરોપો લગાવ્યા હતા, જે બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, સાતારામાં મહિલા ડોક્ટર આત્મહત્યા કેસમાં પોલીસે મુખ્ય આરોપી પ્રશાંત બનકરની આજે સવારે ૪ વાગ્યે પુણેના એક ફાર્મહાઉસમાંથી ધરપકડ કરી લીધી છે. હવે તેને ફલટણ શહેર પોલીસ સ્ટેશન લાવવામાં આવી રહ્યો છે, જ્યાં પોલીસ આરોપીનું મેડિકલ ચેકઅપ કરાવશે અને પછી તેની પૂછપરછ કરશે.

ત્યારબાદ આરોપીને બપોરે ફલટણ કોર્ટમાં રજૂ કરવામાં આવશે, જ્યાં પોલીસ આરોપીની કસ્ટડીની માગણી કરશે, જેથી તેની પૂછપરછ થઈ શકે. નોંધનીય છે કે, મહિલા ડોક્ટર આપઘાત કેસથી આખા મહારાષ્ટ્રમાં ચકચાર મચી ગયો છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ કેસની ઝડપથી તપાસ કરવાના આદેશ આપ્યા છે. તો સુસાઈડ નોટમાં જે પોલીસકર્મીનું નામ લખવામાં આવ્યું છે, તેને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે.

સૂત્રોએ જણાવ્યું કે, આ કેસમાં બીજો ફરાર આરોપી ઁજૈં ગોપાલ બદનેની લોકેશન પંઢરપુર હોવાની પોલીસને માહિતી મળી છે. પોલીસને શંકા છે કે તે પંઢરપુરથી પોતાના ગામ બીડ જઈ રહ્યો છે. આ ઉપરાંત, પંઢરપુરમાં તેના છુપાયેલા હોવાની માહિતીને આધારે પોલીસે એક ધર્મશાળામાં દરોડો પાડ્યો હતો. સુસાઈડ નોટના આધારે સાતારા પોલીસે PSI ગોપાલ બદને અને પ્રશાંત બનકર વિરુદ્ધ દુષ્કર્મ અને આપઘાત માટે મજબૂર કરવાનો કેસ નોંધ્યો હતો, જે બાદ શુક્રવારે પ્રશાંતની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે PSI ગોપાલ બદને હજુ પણ ફરાર છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ડોક્ટર લાંબા સમયથી માનસિક તણાવમાં હતી. પ્રશાંત દ્વારા વારંવાર આપવામાં આવતી ધમકીઓ અને પોલીસકર્મીઓની સંડોવણીએ તેને આત્મહત્યા કરવા માટે મજબૂર કરી. આ દરમિયાન, મહિલા ડોક્ટરના પરિવારજનોએ આરોપ લગાવ્યો છે કે તેના પર ખોટો પોસ્ટમોર્ટમ રિપોર્ટ તૈયાર કરવા માટે રાજકીય અને પોલીસનું દબાણ હતું. પરિવારના એક સભ્યએ જણાવ્યું, ખોટો પોસ્ટમોર્ટમ રિપોર્ટ તૈયાર કરવા માટે તેના પર પોલીસ અને રાજકીય દબાણ ખૂબ હતું. તેણે આની ફરિયાદ કરવાનો પ્રયાસ કર્યો હતો. તેને ન્યાય મળવો જોઈએ.

મૃતકના પિતરાઈ ભાઈએ જણાવ્યું, ગયા વર્ષે તેના પર પોલીસ અને રાજકીય દબાણ ખૂબ હતું. તેના પર ખોટો પોસ્ટમોર્ટમ રિપોર્ટ બનાવવાનું દબાણ કરવામાં આવી રહ્યું હતું. તેણે ફરિયાદ માટે ડીસીપીને પત્ર લખ્યો હતો, પરંતુ તેમણે કંઈ કર્યું નહીં.

પોલીસને ગુરુવારે રાત્રે એક હોટલના રૂમમાંથી એક મહિલા ડોક્ટરનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકની ઓળખ ફલટણની એક સરકારી હોસ્પિટલમાં કામ કરતી ૨૮ વર્ષની મહિલા ડોક્ટર તરીકે થઈ હતી. પોલીસને ડોક્ટરના હાથ પર લખેલી સુસાઈડ નોટ પણ મળી હતી. ડોક્ટરે તેની સુસાઈડ નોટમાં પીએસઆઈ ગોપાલ બદને પર પાંચ મહિનામાં કેટલીય વખત દુષ્કર્મ કરવાનો આરોપ લગાવ્યો હતો અને પ્રશાંત બનકર પર માનસિક રીતે હેરાન કરવાનો આરોપ લગાવ્યો હતો. મહિલા ડોક્ટરે તેની સુસાઈડ નોંટમાં ખુલાસો કર્યો હતો કે, પ્રશાંત બનકરે તેનું માનસિક શોષણ કર્યું હતુ અને કેટલીય વખત રૂમ ખાલી કરવાની ધમકી પણ આપી હતી. આ ઉપરાંત, ડોક્ટરે કેટલાક પોલીસકર્મીઓ પર દુષ્કર્મના આરોપો લગાવ્યા હતા. તપાસમાં સામે આવ્યું છે કે પ્રશાંતના આ પોલીસકર્મીઓ સાથે નજીકના સંબંધો હતા અને તેઓ ભેગા મળીને મહિલા ડોક્ટર પર દબાણ બનાવી રહ્યા હતા.

## ઈન્દોરમાં ઓસ્ટ્રેલિયાની મહિલા ક્રિકેટરો સાથે છેડતીનો પ્રયાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈન્દોર

મહિલા વિશ્વકપ ૨૦૨૫ વચ્ચે મધ્યપ્રદેશના ઈન્દોરથી એક મોટી ઘટના સામે આવી છે. ઈન્દોરના હોલ્કર સ્ટેડિયમમાં શનિવારે ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકાની મેચ રમાવાની છે. તે પહેલા સમાચાર સામે આવ્યા કે ઓસ્ટ્રેલિયાની બે મહિલા ક્રિકેટરો સાથે એક બાઈક ચાલકે છેડતી કરી છે. આ ઘટના સામે આવ્યા બાદ પોલીસે ઈન્દોરના આઝાદ નગર નિવાસી અકીલને દોષિ ઠેરવ્યો અને તેની ધરપકડ કરી છે.આ મામલાની વધુ જાણકારી સામે આવ્યા બાદ જાણવા મળ્યું કે ઓસ્ટ્રેલિયાની મહિલા ટીમ રેડિસન હોટલમાં રોકાઈ હતી. ત્યાંથી નજીક એક કેફે છે, જ્યાં બે ખેલાડી ચાલીને જઈ રહી હતી. પરંતુ આ વચ્ચે બાઈક સવાર અકીલ આવે છે અને બંને મહિલા ક્રિકેટરોની છેડતી કરવા લાગે છે. ત્યારબાદ રોડ પર હાજર એક વ્યક્તિએ તેની બાઈકનો નંબર નોંધી લીધો હતો. તો એક કાર ચાલકે તેની સૂચના પોલીસને આપી હતી.આ મામલામાં ઓસ્ટ્રેલિયન મહિલા ટીમની સુરક્ષા મેનેજર ડેની સિમન્સે ગુરૂવારે સાંજે એમઆઈજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવી હતી. ત્યારબાદ પોલીસે કાર્યવાહી કરતા અકીલની ધરપકડ કરી છે. રોડ પર રહેલા સીસીટીવીની મદદથી આ મામલાની તપાસ થઈ અને આરોપીને છેડતી, ખોટી રીતે સ્પર્ષ કરવો અને પીછો કરવાના આરોપમાં દોષિ ઠેરવવામાં આવ્યો છે.ઓસ્ટ્રેલિયાની મહિલા ટીમ વિશ્વકપ પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાને છે.

## અફઘાનિસ્તાન સાથે વેપાર ઠપ્પ થતાં પાકિસ્તાનમાં ટામેટાંના ભાવ 'આસમાને'

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ/કાબુલ

તાજેતરમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સરહદ પર સશસ્ત્ર સંઘર્ષ થયો હતો, જેમાં બંને પક્ષે જાનમાલનું નુકશાન થયું હતું. બંને પક્ષો યુદ્ધ વિરામ માટે સહમત થતા હાલ હુમલા બંધ થયા છે, પરંતુ બંને વચ્ચે વેપાર ઠપ્પ થઈ ગયો છે, જેને કારણે બંને દેશોમાં આવશ્યક ચીજવસ્તુઓની તંગી ઉભી થઈ છે. પાકિસ્તાનમાં ટામેટાં અને સફરજનના ભાવ આસમાને પહોંચ્યા છે.અહેવાલ મુજબ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ૨,૬૦૦ કિમી (૧,૬૦૦ માઈલ) લાંબી સરહદ છે, ૧૧ ઓક્ટોબરથી સરહદ પરથી આવનજાવન બંધ કરવામાં આવી છે.બંને દેશો વચ્ચેના ફળો, શાકભાજી, ખનિજો, દવા, ઘઉં, ચોખા, ખાંડ, માંસ અને ડેરી ઉત્પાદનોનો વાર્ષિક ૨.૩ અબજ ડોલરનો વેપાર થાય છે. હાલ વેપાર બંધ થતા પાકિસ્તાનમાં ટામેટાં તંગી ઉભી થઈ છે, જેને કારણે ટામેટાંના ભાવ ૪૦૦% થી વધુ વધી ગયા છે, હાલ પાકિસ્તાનમાં એક કિલો ટામેટાંના ભાવ લગભગ ૬૦૦ પાકિસ્તાની રૂપિયા છે. અફઘાનિસ્તાથી સફરજન આવતા પણ બંધ થઈ ગયા છે, જેને કારણે તેના ભાવ પણ વધી રહ્યા છે.કાબુલમાં પાક-અફઘાન ચેમ્બર ઓફ કોમર્સના વડાના જણાવ્યા મુજબ વેપાર અને પરિવહન બંધ બાદ દરરોજ બંને પક્ષોને લગભગ ઈ૧ મિલિયનનું નુકશાન થઈ રહ્યું છે. તેમણે જણાવ્યું, "અમારી પાસે દરરોજ લગભગ ૫૦૦ કન્ટેનર શાકભાજીની નિકાસ માટે આવે છે, જે હવે સળી રહ્યા છે."એક અહેવાલમાં પાકિસ્તાની અધિકારીને ટાંકીને જણાવવામાં આવ્યું કે તોરખામ બોર્ડર ક્રોસિંગ પર સરહદની બંને બાજુ માલસામાન ભરેલા લગભગ ૫,૦૦૦ કન્ટેનર ઉભેલા છે.

તાલિબાને વર્ષ ૨૦૨૧ માં સત્તા મેળવ્યા બાદ બંને દેશો વચ્ચે થયેલી આ સૌથી મોટી લડાઈ હતી. પાકિસ્તાને આરોપ લગાવ્યો હતો કે અફઘાનિસ્તાનમાં શરણ લઈ રહેલા આતંકવાદીઓ પાકિસ્તાની સેના અને નાગરીકો પર હુમલા કરી રહ્યા છે. પાકિસ્તાન સરકારે તાલિબાન સરકારને આ હુમલા રોકવા જણાવ્યું હતું, જો કે તાલિબાને આ આરોપને નકારી કાઢ્યા હતાં. ત્યાર બાદ પાકિસ્તાને અફઘાનિસ્તાન પર એરસ્ટ્રાઈક કરી હતી, અફગાનિસ્તાને પણ પકિસ્તાન સામે વળતી કાર્યવાહી કરી હતી.કતાર અને તુર્કીની મધ્યસ્થીથી બંને પક્ષોમાં યુદ્ધવિરામ પર સંમતિ સધાઈ હતી, પરંતુ સરહદી પરથી વેપાર બંધ છે.

## તમને છૂટ તો ભારત સામે વાંધો કેમ..?

# જર્મની-યુકેની બોલતી બંધ કરી કેન્દ્રીય વાણિજ્યમંત્રી ગોયલે

### જ્યારે યુરોપિયન દેશો પોતે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે યુએસ પ્રતિબંધોમાંથી મુક્તિ માંગી રહ્યા છે ત્યારે ભારતને કેમ નિશાન બનાવવામાં આવી રહ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે શુક્રવારે (૨૪ ઑક્ટોબર) પશ્ચિમી દેશો પર આકરા પ્રહારો કર્યા હતા અને પૂછ્યું હતું કે, જ્યારે યુરોપિયન દેશો પોતે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા માટે યુએસ પ્રતિબંધોમાંથી મુક્તિ માંગી રહ્યા છે ત્યારે ભારતને કેમ નિશાન બનાવવામાં આવી રહ્યું છે. બર્લિન ગ્લોબલ ડાયલોગ કોન્ફરન્સમાં યુકેના વેપાર મંત્રી ક્રિસ બ્રાયન્ટ સાથેની ચર્ચા દરમિયાન, ગોયલે એવા પ્રશ્નો પૂછ્યા જેનાથી નેતાઓની બોલતી બંધ થઈ ગઈ હતી.

ગોયલે કહ્યું કે, "મેં આજના સમાચારપત્રમાં વાંચ્યું કે જર્મની અમેરિકન પ્રતિબંધોમાંથી તેલ માટે મુક્તિ માંગી રહ્યું છે. બ્રિટનને પહેલાથી જ મુક્તિ મળી ચૂકી છે. તો ભારતને શા માટે નિશાન બનાવવામાં આવી રહ્યું છે?"

બ્રિટિશ મંત્રી બ્રાયન્ટે આ મુદ્દે જવાબ આપ્યો, "ના, ના, તેમના દેશને મળતી અમેરિકન છૂટ ફક્ત રૉસનેફ્ટની એક વિશેષ પેટાકંપની માટે છે. આટલું સાંભળતા જ ગોયલે તુરંત વળતો પ્રહાર કરતાં કહ્યું કે, અમારી પાસે પણ તો રૉસનેફ્ટની એક પેટાકંપની છે... તો ભારત કેમ...!" પછી શું... મંત્રીની બોલતી બંધ થઈ ગઈ. ગોયલની ટિપ્પણીઓ એવા સમયે આવી છે જ્યારે અમેરિકા અને તેના સાથી દેશો ભારત પર રશિયા પાસેથી સસ્તું ક્રૂડ ઓઈલ ખરીદવા સામે વિરોધ નોંધાવતા દબાણ વધારી રહ્યા છે. ગયા મહિને, ટ્રમ્પ વહીવટીતંત્રે કેટલાક ભારતીય ઉત્પાદનો પર વધારાના ટેરિફ લાદ્યા હતા, જેના કારણે કુલ ટેરિફ લગભગ ૫૦ ટકા થઈ ગયા હતા. નવી દિલ્હીએ આ ટેરિફને "અયોગ્ય, અન્યાયી અને અવ્યવહારુ" ગણાવ્યા છે.

ટ્રમ્પ વહીવટીતંત્રની દલીલ છે કે, ભારત જેવા દેશો પર દબાણ કરવાથી રશિયા આર્થિક રીતે નબળું પડશે અને તેને યુક્રેન યુદ્ધનો અંત લાવવા દબાણ કરવામાં આવશે. આ દરમિયાન, યુરોપિયન સંઘે (EU) તાજેતરમાં રશિયન સૈન્ય સાથેના કથિત સંબંધો માટે ત્રણ ભારતીય કંપનીઓ પર પ્રતિબંધો લાદ્યા હતા. વધુમાં, અમેરિકાએ ગયા અઠવાડિયે રશિયાની બે સૌથી મોટી તેલ કંપનીઓ રોઝનેફ્ટ અને લુકોઈલ પર પ્રતિબંધો લાદ્યા હતા.

પીયુષ ગોયલે ભારતની સ્વતંત્ર વેપાર નીતિ પર ભાર મૂકતા કહ્યું કે, અમે ક્યારેય સમયમર્યાદા કે માથા પર બંદૂક તાકીને વેપાર કરાર કરતા નથી. જો કોઈ ટેરિફ લાદે છે, તો તેમને તેમ કરવા દો. અમે નવા બજારો શોધી રહ્યા છીએ, સ્થાનિક માંગને મજબૂત બનાવી રહ્યા છીએ અને લાંબા ગાળાની સ્થિતિ સ્થાપકતા બનાવી રહ્યા છીએ. ભારતની આર્થિક વ્યૂહરચનાનો હેતુ આગામી ૨૦-૨૫ વર્ષમાં ૩૦ ટ્રિલિયન ડૉલર અર્થતંત્ર બનવાનો છે. અમે ભવિષ્યને ધ્યાનમાં રાખીને વાટાઘાટો કરીએ છીએ. ભારત માટે જે પણ શ્રેષ્ઠ સોદો હશે તે અમે કરીશું. ભારતની આર્થિક વ્યૂહનીતિનો હેતુ આવતા ૨૦-૨૫ વર્ષોમાં ૩૦ ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા બનવાનો છે. અમે ભવિષ્યને ધ્યાનમાં રાખીને વાટાઘાટો કરીએ છીએ. ભારત માટે જે સૌથી સારો કરાર હશે અમે તે જ કરીશું.

## કેરેબિયનમાં અમેરિકન સૈન્યની હાજરીમાં મોટો વધારો

# અમેરિકાએ વેનેઝુએલાને ટારગેટ કરી કેરેબિયન સમુદ્રમાં એરક્રાફ્ટ કેરિયર મોકલ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે કેરેબિયન ક્ષેત્રમાં યુએસએસ જેરાલ્ડ ફોર્ડ એરક્રાફ્ટ કેરિયર ગ્રુપને લેટિન અમેરિકા મોકલવાનો આદેશ આપ્યો. આ પગલું અત્યાર સુધીના સૌથી મોટા એન્ટી-નાર્કોટિક્સ મિશન તરીકે ગણાય છે અને વોશિંગ્ટનની સૌથી સશક્ત સૈન્ય કાર્યવાહી છે. આ તૈનાતી ટ્રમ્પની 8 વધારાના યુદ્ધ જહાજો, 1 પરમાણુ સબમરીન અને F-35 ફાઈટર જેટ્સ સહિત સૈન્ય હાજરી વધારવાની યોજનાનો ભાગ છે. વિશ્લેષકો આ પગલાથી ક્ષેત્રમાં અમેરિકન ઈરાદાઓ અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. અમેરિકન વહીવટીતંત્ર લાંબા સમયથી વેનેઝુએલાની નિકોલસ માદુરોની સરકાર પર માદક પદાર્થોના તસ્કરોને આશ્રય આપવાનો અને લોકશાહી સંસ્થાઓને નબળી પાડવાનો આરોપ લગાવતું રહ્યું છે.ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે કેરેબિયન ક્ષેત્રમાં અમેરિકન સૈન્યની હાજરીમાં મોટો વધારો કરવા માટે 'યુએસએસ જેરાલ્ડ ફોર્ડ' એરક્રાફ્ટ કેરિયર ગ્રુપને લેટિન અમેરિકા મોકલવાનો આદેશ આપ્યો. આ કાર્યવાહી વોશિંગ્ટનની અત્યાર સુધીની સૌથી સશક્ત સૈન્ય કાર્યવાહી ગણાય છે અને તેને અત્યાર સુધીના કોઈપણ માદક પદાર્થ વિરોધી અભિયાન (એન્ટી-નાર્કોટિક્સ મિશન) કરતાં ઘણું મોટું પગલું માનવામાં આવે છે.આ સૈન્ય તૈનાતી, જેમાં 8 વધારાના યુદ્ધ જહાજો, 1 પરમાણુ સબમરીન અને F-35 ફાઈટર જેટ્સનો સમાવેશ થાય છે, તે કેરેબિયન ક્ષેત્રમાં સૈન્યની હાજરી વધારવાની ડોનાલ્ડ ટ્રમ્પની યોજનાનો એક હિસ્સો છે. જોકે, વિશ્લેષકો માને છે કે આ પગલું આ ક્ષેત્રમાં અમેરિકન ઈરાદાઓ વિશે ચિંતાઓ ઊભી કરી શકે છે. ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પના નેતૃત્વ હેઠળનું અમેરિકન વહીવટીતંત્ર લાંબા સમયથી વેનેઝુએલામાં નિકોલસ માદુરોના નેતૃત્વ હેઠળની સરકાર પર માદક પદાર્થોના તસ્કરોને આશ્રય આપવાનો અને લોકશાહી સંસ્થાઓને નબળી પાડવાનો આરોપ લગાવતું આવ્યું છે.

પેન્ટાગોનના પ્રવક્તા સીન પર્નેલે X પર પોસ્ટ કરતાં કહ્યું કે, 'યુએસએસ સાઉથકોમ ક્ષેત્રમાં વધેલી અમેરિકન સૈન્ય હાજરીથી આપણી ક્ષમતામાં વધારો થશે, જેથી આપણે તે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ શોધી શકીએ, તેમને રોકી શકીએ અને સમાપ્ત કરી શકીએ જે અમેરિકાની સુરક્ષા અને પશ્ચિમી ગોળાર્ધની સ્થિરતાને જોખમમાં મૂકે છે.' જોકે, તેમણે એ જણાવ્યું ન હતું કે એરક્રાફ્ટ કેરિયર લેટિન અમેરિકા ક્યારે પહોંચશે. થોડા દિવસો પહેલા સુધી 'યુએસ જેરાલ્ડ ફોર્ડ' યુરોપમાં જિબ્રાલ્ટરની ખાડીમાંથી પસાર થઈ રહ્યું હતું.2017માં કમિશન કરાયેલું યુએસએસ જેરાલ્ડ ફોર્ડ અમેરિકાનું સૌથી નવું અને દુનિયાનું સૌથી મોટું એરક્રાફ્ટ કેરિયર છે, જેના પર 5,000 થી વધુ નાવિકો અને 75 ફાઈટર જેટ્સ તૈનાત છે. આ વર્ષે સપ્ટેમ્બરની શરૂઆતથી અત્યાર સુધીમાં અમેરિકન સેનાએ કેરેબિયન સમુદ્રમાં કથિત ડ્રગ જહાજો પર 10 હવાઈ હુમલા કર્યા છે, જેમાં લગભગ 40 લોકો માર્યા ગયા છે. પેન્ટાગોને આ અભિયાનો વિશે બહુ ઓછી માહિતી આપી છે, પરંતુ એ વાતની પુષ્ટિ કરી છે કે માર્યા ગયેલા કેટલાક લોકો વેનેઝુએલાના હતા. વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોએ વારંવાર આરોપ લગાવ્યો છે કે અમેરિકા તેમને સત્તા પરથી હટાવવાનું ષડયંત્ર રચી રહ્યું છે.વૉશિંગ્ટને ઓગસ્ટમાં માદુરોની ધરપકડમાં મદદરૂપ માહિતી આપનારને મળનાર ઈનામને બમણું કરીને 5 કરોડ ડોલર કરી દીધું હતું.

## નળ સરોવરમાં બોટિંગ બંધ: પ્રવાસીઓને વીલા મોઢે પાછા ફરવાનો વારો, સ્થાનિકોની રોજીરોટી છીનવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતના ગૌરવ સમાન અને આંતરરાષ્ટ્રીય રામસર સાઈટતરીકે ખ્યાતિ પામેલા નળ સરોવર પક્ષી અભયારણ્યમાં દિવાળી વેકેશનની બરાબર મધ્યમાં જ બોટિંગ સેવાઓ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે. જેના કારણે શિયાળાની ઋતુ અને વેકેશનની મજા માણવા દૂર-દૂરથી આવતા હજારો પ્રવાસીઓને ઘોર નિરાશા સાંપડી રહી છે. પક્ષીઓને નજીકથી જોયા વિના માત્ર કિનારેથી સરોવરની ઝલક જોઈને 'વીલા મોઢે' પાછા ફરવાનો વારો આવતા પ્રવાસીઓનો ઉત્સાહ ઓસરી ગયો છે.

પ્રાપ્ત અહેવાલો મુજબ આ સમગ્ર પરિસ્થિતિનું મુખ્ય કારણ આશરે જાન્યુઆરી ૨૦૨૪માં વડોદરા ખાતે બનેલી હરણી તળાવ દુર્ઘટના છે. આ દુર્ઘટના બાદ રાજ્ય સરકારે તમામ જળ સ્થાનો પર પ્રવાસીઓની સુરક્ષા માટે કડક નિયમો અને SOP લાગુ કરી છે.

વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ નળ સરોવરમાં પણ આ નવા નિયમો, જેમાં લાઈફ જેકેટ, બોટમાં પ્રવાસીઓની મર્યાદિત ક્ષમતા અને પ્લાસ્ટિક પ્રતિબંધ જેવા મુદ્દાઓનું પાલન ફરજિયાત છે. તંત્રનું કહેવું છે કે નાવિકોએ સરકાર માન્ય, નવા નીતિ-નિયમો વાળી બોટો લાવવી પડશે.

સરકારના નીતિ-નિયમ વાળી નવી બોટની કિંમત અંદાજે રૂ.૮૦,૦૦૦ થી રૂ.૯૦,૦૦૦ જેટલી ઊંચી છે.

તંત્ર દ્વારા નાવિક માલિકોને આ નવી બોટ ખરીદવા માટે લોન સહાય આપવાની પણ ખાતરી આપવામાં આવી છે. આમ છતાં, સ્થાનિક નાવિક માલિકો આટલી મોંઘી બોટ ખરીદવા તૈયાર નથી અને તેઓ પોતાની જૂની બોટો દ્વારા જ નૌકા વિહાર ચાલુ રાખવા માંગ કરી રહ્યા છે. બીજી તરફ, વન વિભાગ સુરક્ષાના કારણોસર જૂની બોટોને મંજૂરી આપવા બિલકુલ તૈયાર નથી.

નળ સરોવરની આસપાસના વેકરીયા,મેની, ધરજી રાણાગઢ સહિતના ૧૫ જેટલા ગામોના ૫૦૦થી વધુ પરિવારો મુખ્યત્વે આ પ્રવાસન પ્રવૃત્તિઓ પર નિર્ભર છે. આ ગામોના લોકો નાવિક તરીકે બોટિંગ સેવા આપીને, નાસ્તા-ખાદ્ય પદાર્થોના સ્ટોલ લગાવીને તેમજ ઘોડેસવારી જેવી સેવાઓ દ્વારા પોતાનું ગુજરાન ચલાવતા હતા.

બોટિંગ અને ઘોડેસવારી જેવી સેવાઓ બંધ થવાથી, આ પરિવારોની રોજીરોટી છીનવાઈ ગઈ છે અને તેમની આર્થિક સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. આ વિસ્તારની જમીન ક્ષારયુક્ત અને સિંચાઈ માટે અયોગ્ય હોવાથી, આ પરિવારોની આવકનો મુખ્ય આધાર શિયાળાની ૩-૪ મહિનાની પ્રવાસન સીઝન પર જ રહેલો છે.બોટિંગ બંધ થવાથી પર્યટકોની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે, જેના પરિણામે વન વિભાગ અને રાજ્ય સરકારને પણ આવકમાં મોટું નુકસાન થઈ રહ્યું છે. પ્રવેશ ફી અને બોટિંગ ફી દ્વારા થતી આવક ઘટવાથી સરકારી તિજોરી પર પણ તેની નકારાત્મક અસર જોવા મળી રહી છે. પર્યટકો, પક્ષી નિરીક્ષકો અને વન્યજીવ ફોટોગ્રાફરો દૂર-દૂરથી નળ સરોવરની મુલાકાતે આવે છે. પરંતુ બોટિંગ વિના તેઓ યાયાવર પક્ષીઓને નજીકથી જોઈ શકતા નથી. પ્રવાસીઓની માંગ છે કે સરકાર સુરક્ષાના પગલાં સાથે જલદીમાં જલદી બોટિંગ સેવાઓ ફરી શરૂ કરે, જેથી તેઓ આ અદ્ભૂત પક્ષી અભયારણ્યના સંપૂર્ણ અનુભવનો લાભ લઈ શકે.

સ્થાનિકો અને પ્રવાસીઓ આશા રાખી રહ્યા છે કે વન વિભાગ અને સરકાર સકારાત્મક નિર્ણય લઈને દિવાળી વેકેશનની બાકીની અવધિમાં જ અથવા ટૂંક સમયમાં બોટિંગ પુનઃસ્થાપિત કરશે. જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરે અને પ્રવાસીઓમાં ફેલાયેલી નિરાશા દૂર થાય.

હવે શિયાળાની ઋતુની શરૂઆત થશે ત્યારે જાન્યુઆરી ફેબ્રુઆરીમાં નળસરોવરમાં વિદેશી પક્ષીઓનું આગમન થશે. જેથી વિદેશી પક્ષીઓને જોવા ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં અને વિદેશી પ્રવાસીઓ પણ આવતા હોય છે.

ગરવી ગુજરાત




એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# છઠ પૂજા બાદ મુસાફરોની સરળ પરત યાત્રા માટે ભારતીય રેલવે સજ્જ; તહેવારોની મોસમ પછી તેમના કાર્યસ્થળે પાછા ફરતા મુસાફરોની સુવિધા માટે ૬,૧૮૧ વિશેષ ટ્રેનોની જાહેરાત કરવામાં આવી

### મુસાફરોના ધસારાને નિયંત્રિત કરવા અને વધેલી તહેવારોની માંગને પહોંચી વળવા માટે બિહાર અને ઉત્તર પ્રદેશના ૩૦ મુખ્ય સ્ટેશનો પર વધારાના કોચ જોડવામાં આવ્યા અને હવામાન-પ્રૂફ હોલ્ડિંગ એરિયા સ્થાપિત કરવામાં આવ્યા

ભારતીય રેલવે મુસાફરો માટે તહેવારોમાં સરળ અને આરામદાયક મુસાફરી સુનિશ્ચિત કરી રહી છે દેશભરમાં ૧૨૦૦૦ ખાસ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. તહેવારોની ભારે ભીડને નિયંત્રિત કરવા માટે, નવી દિલ્હી, આનંદ વિહાર ટર્મિનલ, ઉધના, પુણે, મુંબઈ, બેંગલુરુ અને અન્ય મુખ્ય સ્ટેશનો પર તમામ મુસાફરોની સુવિધાઓથી સજ્જ હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવ્યા છે.

રેલવે સ્ટાફ મુસાફરોને માર્ગદર્શન આપવા, વ્યવસ્થા જાળવવા અને દરેક વ્યક્તિ તેમના પ્રિયજનો સાથે તહેવારોની ઉજવણી કરવા માટે સુરક્ષિત રીતે ઘરે પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે ચોવીસ કલાક કામ કરી રહ્યા છે. તહેવારોની ભીડને દૂર કરવા માટે આગામી ત્રણ દિવસમાં દેશભરમાં ૯૦૦થી વધુ ખાસ ટ્રેન ટ્રીપ ચલાવવામાં આવી રહી છે.

છઠ પૂજાના તહેવારો પછી મુસાફરોની સલામત અને આરામદાયક પરત યાત્રા માટે રેલવે હવે તૈયારી કરી રહ્યું છે.

૨૮ ઓક્ટોબરથી નવેમ્બરના સમયગાળા માટે, તહેવારોની મોસમ પછી તેમના કાર્યસ્થળે પાછા ફરતા મુસાફરોને સુવિધા આપવા માટે ૬૧૮૧ ખાસ ટ્રેનોને સૂચિત કરવામાં આવી છે.

બિહારમાં લગભગ ૩૦ સ્ટેશનો તહેવારોના ટ્રાફિક માટે તૈયારી કરી રહ્યા છે જેમાં હોલ્ડિંગ એરિયા, વધારાના ટિકિટ કાઉન્ટર, સીસીટીવી સર્વેલન્સ અને અન્ય મુસાફર-મૈત્રીપૂર્ણ વ્યવસ્થાઓ છે.

વધતી માંગને પહોંચી વળવા માટે હાલની સેવાઓ સાથે વધારાના કોચ પણ જોડવામાં આવી રહ્યા છે. બહોળા મુસાફરોના પ્રવાહનું સંચાલન કરવા અને ટ્રેન ઉપડતા પહેલા અનુકૂળ પ્રતિક્ષા સ્થળ સુવિધાઓ પૂરી પાડવા માટે મુખ્ય સ્ટેશનો પર હવામાન પ્રતિરોધક હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવી રહ્યા છે. જે સ્ટેશનો પર હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવી રહ્યા છે તેમાં બિહારમાં પટના, દાનાપુર, રાજેન્દ્ર નગર ટર્મિનલ, સહરસા, દરભંગા, મુઝફ્ફરપુર, ગયા, સમસ્તીપુર, બરૌની વગેરે અને ઉત્તર પ્રદેશમાં ગોરખપુર, બલિયા અને બનારસનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત મુસાફરો માટે મુસાફરીને વધુ અનુકૂળ બનાવવા માટે વધારાના ઓટોમેટિક ટિકિટ વેન્ડિંગ મશીન (ATVM), પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (PRS) કાઉન્ટર અને મોબાઈલ અનરિઝર્વ્ડ ટિકિટિંગ (m-UTS) સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

છઠ પૂજાના શુભ અવસર પર, ભારતીય રેલવેએ રેલવે સ્ટેશનો પર છઠ ગીતો વગાડવાનું પણ શરૂ કર્યું છે. આ પહેલનો હેતુ મુસાફરોને ઉત્સવની ભાવના સાથે જોડવાનો અને તેમની મુસાફરીને વધુ સુખદ બનાવવાનો છે. પટના, દાનાપુર, હાજીપુર, ભાગલપુર, જમાલપુર, સોનપુર, નવી દિલ્હી, ગાઝિયાબાદ અને આનંદ વિહાર ટર્મિનલ જેવા મુખ્ય સ્ટેશનો પર, આ ગીતો મુસાફરોને ઘર અને સંસ્કૃતિનો સાર અનુભવવા દે છે, તેમની મુસાફરીને ભક્તિ અને આનંદથી ભરી દે છે. સુગમ કામગીરી જાળવવા માટે, સલામતી અને નિયમન માટે પૂરતી સંખ્યામાં રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) તૈનાત કરવામાં આવી છે. પેસેન્જર સહાયતા બૂથ, માહિતી કાઉન્ટર, કતાર વ્યવસ્થાપન પ્રણાલી અને જાહેર જાહેરાત પ્રણાલીઓને મજબૂત બનાવવામાં આવી છે. બધા મુખ્ય સ્ટેશનો પર સ્વચ્છતા, લાઈટિંગ અને સ્વચ્છતા સુવિધાઓનું નજીકથી નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. રેલવે બોર્ડ, ઝોનલ અને ડિવિઝનલ સ્તરે સમર્પિત વોર રૂમ કામગીરીનું નિરીક્ષણ અને સંકલન કરવા માટે ચોવીસ કલાક કાર્યરત છે, જે કોઈપણ મુસાફરોની જરૂરિયાતોને વાસ્તવિક સમયના પ્રતિભાવો સુનિશ્ચિત કરે છે.

પટના, મુઝફ્ફરપુર, દરભંગા, ગયા, સહરસા, વગેરે સ્ટેશનો પર કોઈપણ મુસાફરોની આરોગ્ય કટોકટીને સંબોધવા માટે **24x7** મેડિકલ બૂથ સ્થાપિત કરવામાં આવ્યા છે. રાજ્ય સરકાર સાથે સંકલનમાં, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ સેવાઓને પણ તાત્કાલિક તબીબી સહાય અને સલામતી વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા માટે તૈયાર રાખવામાં આવી છે.

ભારતીય રેલવે, કાળજીપૂર્વક આયોજન, સુધારેલી મુસાફરોની સેવાઓ અને સુવિધા અને સંભાળ પર ભાર મૂકીને, સરળ મુસાફરીનો અનુભવ પ્રદાન કરવા માટે સમર્પિત છે.

### તહેવારોને ધ્યાનમાં રાખીને મુસાફર સુવિધાઓનું નિરીક્ષણ તેમજ ભીડ વ્યવસ્થાપનની સમીક્ષા કરી

# પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકએ અમદાવાદ સ્ટેશનની મુલાકાત લીધી

### આ દરમિયાન અમદાવાદ સ્ટેશન પર ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યોનું પણ અવલોકન કર્યું



પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક શ્રી વિવેક કુમાર ગુપ્તાએ ૨૪ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ અમદાવાદ સ્ટેશનની મુલાકાત લીધી. તહેવારી સિઝન દરમિયાન મુસાફરોની વધતી સંખ્યા ને ધ્યાનમાં રાખીને તેમણે સ્ટેશનના વિવિધ વિસ્તારો હોલ્ડિંગ એરિયા, પ્લેટફોર્મ, ફૂટઓવર બ્રિજ, ટિકિટ કાઉન્ટર અને સર્ક્યુલેટિંગ એરિયા નું નિરીક્ષણ કર્યું. તેમણે તહેવારો દરમિયાન ભીડને અસરકારક રીતે સંભાળવા માટે કરવામાં આવેલી વ્યવસ્થાઓની સમીક્ષા કરી અને સ્ટેશનના પુનર્વિકાસ કાર્યોનું પણ નિરીક્ષણ કર્યું.

અમદાવાદ સ્ટેશન પર નિરીક્ષણ દરમિયાન શ્રી ગુપ્તાએ કાલુપુર બ્રિજથી સારંગપુર વચ્ચે બની રહેલા રોડ ઓવર બ્રિજ (ROB)નું નિરીક્ષણ કર્યું તેમજ સરસપુર તરફ બનાવાયેલા હોલ્ડિંગ એરિયા અને પ્લેટફોર્મ નંબર ૮ની બાજુએ NHSRCL બિલ્ડિંગની નીચે તૈયાર કરવામાં આવેલા હોલ્ડિંગ એરિયાનો પણ અવલોકન કર્યું. આ દરમિયાન તેમણે મુસાફરો સાથે સંવાદ પણ કર્યો. નિરીક્ષણ બાદ શ્રી ગુપ્તાએ મીડિયા પ્રતિનિધિઓને સંબોધતા જણાવ્યું કે ભારતીય રેલવે દ્વારા તહેવારી સિઝનમાં મુસાફરોની સુવિધા માટે ૧૨,૦૦૦થી વધુ વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે, જેમાંથી ૨,૦૦૦થી વધુ ટ્રેનો પશ્ચિમ રેલવે દ્વારા સંચાલિત કરવામાં આવી રહી છે. પશ્ચિમ રેલવેના અમદાવાદ, સાબરમતી, આસારવા, ઉધના, બાન્દ્રા ટર્મિનસ વગેરે મુખ્ય સ્ટેશનો પર મુસાફરોની સુવિધા માટે વિશેષ હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવ્યા છે, જ્યાં પીવાનું પાણી, CCTV દેખરેખ, ટિકિટિંગ તથા અન્ય આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મહાપ્રબંધકે જણાવ્યું કે ભારતીય રેલવેના ૧૨ લાખથી વધુ કર્મચારી ચોવીસે કલાક મુસાફરોની સુરક્ષિત અને સુવ્યવસ્થિત મુસાફરી સુનિશ્ચિત કરવા માટે કાર્યરત છે, જેમાં પશ્ચિમ રેલવેના અંદાજે ૮૦૦૦૦ થી ૯૦૦૦૦ કર્મચારીઓ સક્રિયપણે જોડાયેલા છે. તેમણે વધુમાં જણાવ્યું કે દિવાળી તહેવાર દરમિયાન મુસાફરોને સફળતાપૂર્વક તેમના ગંતવ્ય સુધી પહોંચાડવામાં આવ્યા છે અને હવે છઠ પૂજાના અવસરે શક્ય ભીડને ધ્યાનમાં રાખીને વધારાની વિશેષ તેમજ અનારક્ષિત વિશેષ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે.

સ્ટેશન નિરીક્ષણ બાદ શ્રી ગુપ્તાએ અમદાવાદ વીરમગામ સેકશન ના વિન્ડો ટ્રેલિંગ સંરક્ષા ઈન્સ્પેક્શન કર્યું, જેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરલ કામો, રેલવે ટ્રેક, લેવલ ક્રોસિંગ તથા પોઈન્ટ્સ અને ક્રોસિંગની સ્થિતિનું વિગતવાર નિરીક્ષણ કરવામાં આવ્યું.

આ અવસરે અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ, મુખ્ય પરિયોજના પ્રબંધક (RLDA) શ્રી સંજીવ કુમાર સહિત અન્ય વરિષ્ઠ રેલવે અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

# વેરાવળ—રાજકોટ—વેરાવળ દૈનિક પેસેન્જર ટ્રેનમાં ૨૭ ઑક્ટોબરથી વધારાના જનરલ કોચની સુવિધા

યાત્રિયોની વધતી આવનજાવન અને સુવિધાને ધ્યાનમાં રાખીને રેલવે પ્રશાસન દ્વારા પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળની વેરાવળ—રાજકોટ—વેરાવળ દૈનિક પેસેન્જર ટ્રેન (નંબર ૫૯૪૨૪/૫૯૪૨૩) માં એક વધારાના જનરલ કોચ ની સુવિધા કાયમી રીતે શરૂ કરવામાં આવી છે. વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી અનુસાર, મુસાફરોની સુવિધા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે, જેના અંતર્ગત નીચે મુજબની વ્યવસ્થા અમલમાં આવશે:

૧. ટ્રેન નંબર ૫૯૪૨૩ રાજકોટ—વેરાવળ દૈનિક પેસેન્જર ટ્રેનમાં ૨૭ ઑક્ટોબર, ૨૦૨૫ થી એક વધારાનો જનરલ કોચ કાયમી રીતે લગાડવામાં આવશે.

૨. ટ્રેન નંબર ૫૯૪૨૪ વેરાવળ—રાજકોટ દૈનિક પેસેન્જર ટ્રેનમાં પણ ૨૭ ઑક્ટોબર, ૨૦૨૫ થી એક વધારાનો જનરલ કોચ કાયમી રીતે લગાડવામાં આવશે.

આ નવી સુવિધાથી મુસાફરોને વધુ આરામદાયક અને સુવિધાજનક મુસાફરીનો અનુભવ મળશે. ટ્રેનના ઠેરાવો, સંરચના તથા સમયપત્રક અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરોને ભારતીય રેલવેની આધિકારીક વેબસાઈટ www. enquiry. indianrail. gov.in પર મુલાકાત લેવાની વિનંતી કરવામાં આવે છે.

### માઉન્ટ આબુ રોડ પર ફરી લૂંટની ઘટના

# બનાસકાંઠાના બે પ્રવાસીઓ પર છરી વડે હુમલો, મોબાઈલ લઈને આરોપીઓ ફરાર

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

માઉન્ટ આબુની મુલાકાતે ગયેલા ગુજરાતી પ્રવાસીઓ ફરી એકવાર લૂંટારૂ તત્વોનો ભોગ બન્યા છે. બનાસકાંઠા જિલ્લાના બે યુવકો આબુરોડ પર બસમાંથી ઉતરતાની સાથે જ લૂંટના ઈરાદે આવેલા અજાણ્યા શખ્સોએ તેમના પર હુમલો કર્યો હતો. લૂંટારૂઓએ પ્રવાસીઓ પાસેથી તેમનો મોબાઈલ ફોન છીનવી લીધો હતો અને પ્રતિકાર કરતા બંને યુવકો પર છરીના જીવલેણ ઘા પણ ઝીંક્યા હતા.

આ હુમલામાં બંને યુવકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.બનાસકાંઠાના આ બંને પ્રવાસીઓ પર હુમલો કરનાર લૂંટારૂ તત્વો એટલા બેફામ હતા કે જાહેરમાં છરીના ઘા મારીને તેઓ સરળતાથી લૂંટને અંજામ આપી ફરાર થઈ ગયા હતા. બસમાંથી ઉતરતાની સાથે જ પ્રવાસીઓને નિશાન બનાવવાની આ ઘટનાથી માઉન્ટ આબુ અને આબુરોડની આસપાસના વિસ્તારમાં ગુજરાતી પ્રવાસીઓની સુરક્ષા અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.

લૂંટારૂઓએ મોબાઈલ ફોન લઈને તરત જ ત્યાંથી નાસી છૂટ્યા હતા, જેના કારણે ઘટનાસ્થળે હાજર લોકોમાં પણ ડરનો માહોલ ફેલાયો હતો. આ ગંભીર ઘટનાની જાણ થતાં જ આબુરોડ પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ઈજાગ્રસ્ત યુવકોને સારવાર અપાવવાની વ્યવસ્થા કરી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધીને લૂંટારૂઓને ઝડપી પાડવા માટે જુદી જુદી ટીમો બનાવીને તપાસ શરૂ કરી છે.

લૂંટારૂઓ પ્રવાસીઓના મોબાઈલ લઈને ફરાર થયા હોવાથી, પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે તેમની ઓળખ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા છે. પ્રવાસીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પોલીસે ચેકપોસ્ટો પર પણ સઘન ચેકિંગ શરૂ કર્યું છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે સાણંદમાં રૂા.૮૦૫ કરોડના ખર્ચે શાંતિપુરા-ખોરજ GIDC રોડના છ-માર્ગીયકરણનું ખાતમુહૂર્ત

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિ: કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી તથા મુખ્યમંત્રીશ્રીએ સાણંદના નાગરિકોને મળીને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી



કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે આજે સાણંદ ખાતે અમદાવાદ-માળિયા રોડ પર આવેલા શાંતિપુરા ચોકડીથી ખોરજ GIDC સુધીના અનુભાગના છ-માર્ગીયકરણ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ જિલ્લાના સાણંદ અને તેની આસપાસના વિસ્તારોમાં થયેલા અભૂતપૂર્વ ઔદ્યોગિક વિકાસને કારણે ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ (GSRDC) હસ્તકના આ રસ્તા પર ટ્રાફિકનું ભારણ ખૂબ વધી ગયું છે. હાલમાં દૈનિક સરેરાશ ૪૩,૦૧૪ વાહનોની અવરજવરને કારણે ટ્રાફિક જામની સમસ્યા નિવારવા માટે વર્તમાન ચાર-માર્ગીય રસ્તાને છ-માર્ગીય બનાવવાની તાતી જરૂરિયાત ઊભી થઈ હતી, જેના ભાગરૂપે આ મહત્ત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે.

અંદાજિત રૂા.૮૦૫ કરોડના ખર્ચે સાકાર થનાર આ પ્રોજેક્ટમાં કુલ ૨૮.૮ કિલોમીટર લંબાઈના રસ્તાને છ-માર્ગીય કરવામાં આવશે. આ મહત્વાકાંક્ષી યોજના અંતર્ગત, ૨૨.૭૩૧ કિલોમીટરની લંબાઈમાં રસ્તાની બંને બાજુ સર્વિસ રોડનું નિર્માણ કરાશે, જ્યારે ૧૩ નાના પુલોને પહોળા કરવામાં આવશે તથા એક છ-માર્ગીય એલિવેટેડ ફ્લાયઓવર અને એક ત્રણ-માર્ગીય રાઈટ-ટર્નિંગ ફ્લાયઓવરનું પણ નિર્માણ થશે.

આ ઉપરાંત, ઉલારીયા, તેલાવ(બે સ્થળે), સાણંદ GIDC ગેટ અને ખોરજ GIDC ખાતે એમ કુલ પાંચ નવા અંડરપાસ બનાવવામાં આવશે તેમજ પ્રોજેક્ટ માર્ગ સાથે જોડાતા રસ્તાઓ પર ૧૭૨ જેટલા કલ્વર્ટનું બાંધકામ અથવા નવીનીકરણ કરવામાં આવશે.

આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી સાણંદ અને વિરમગામ જેવાં મોટાં ઔદ્યોગિક કેન્દ્રો ઉપરાંત સુરેન્દ્રનગર, શંખેશ્વર, રાધનપુર અને પાટણ તરફ જતા લાંબા અંતરના ટ્રાફિકને પણ સુવિધા મળશે. આ છ-માર્ગીયકરણની કામગીરીથી પરિવહન સુવિધાઓમાં મોટો વધારો થશે, અકસ્માતો ઘટશે, ટ્રાફિક જામની સમસ્યાનું નિવારણ થશે અને નાગરિકોના ઈંધણ અને સમયની પણ બચત થશે.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમ બાદ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સાણંદ વિસ્તારના નાગરિકોને રૂબરૂ મળી નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી અને નાગરિકો દ્વારા પુષ્પગુચ્છ આપી કરાયેલા અભિવાદનનો સહર્ષ સ્વીકાર કર્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, જિલ્લા કલેકટર શ્રી સુજીત કુમાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, અન્ય અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વિધાનસભાના સદસ્યોને મળશે વધુ સુવિધાયુક્ત મોકળાશ ભર્યા આવાસ

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે ગાંધીનગરમાં ૨૮,૫૭૬ ચોરસ મીટરમાં નવનિર્મિત સદસ્ય નિવાસ સંકુલનું લોકાર્પણ કર્યું

### મુખ્યમંત્રીશ્રી, વિધાનસભાના અધ્યક્ષશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને વિધાનસભા ઉપાધ્યક્ષશ્રીની પ્રેરક ઉપસ્થિતિ

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે ગુજરાત વિધાનસભાના સદસ્યો માટે નવનિર્મિત નિવાસ સંકુલનું ભાઈબીજના પવિત્ર પર્વે ગાંધીનગરમાં લોકાર્પણ કર્યું હતું.

રાજ્ય સરકારના માર્ગ મકાન વિભાગ દ્વારા આ સદસ્ય નિવાસ સંકુલ સેક્ટર ૧૭ માં કુલ ૨૮,૫૭૬ ચોરસ મીટરમાં નિર્માણ પામ્યું છે અને પ્રતિ આવાસ ૨૩૮.૪૫ ચોરસ મીટરની મોકળાશ ભરી જગ્યામાં ૩ બેડરૂમ, લિવિંગ રૂમ, કિચન, ઓફિસ રૂમ તથા સર્વન્ટ રૂમની સુવિધા યુક્ત છે.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ, વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી. નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી તથા વિધાનસભાના ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઈ આહિરની ઉપસ્થિતિમાં કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ આ સુવિધા સભર આવાસોનું લોકાર્પણ સંપન્ન કર્યું હતું.

રૂપિયા ૩૨૫ કરોડના અંદાજિત ખર્ચે નવનિર્મિત આ સદસ્ય નિવાસ સંકુલમાં આધુનિક સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વિશાળ ગાર્ડન, ૩૦૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતો મલ્ટીપર્પઝ હોલ, કોમ્યુનિટી હોલ, સ્વિમિંગ પૂલ, જીમનેશિયમ, કેન્ટીન (ડાઈનિંગ હોલ), ઈન્ડોર રમતનાં સાધનો તેમજ તબીબી સારવાર માટે દવાખાનાનું અને પ્રોવિઝન સ્ટોર જેવી સુવિધાઓનું નિર્માણ કરવામાં આવેલું છે.

આ સાથે સંકુલમાં પૂરતા પ્રમાણમાં પાર્કિંગ મળી રહે તે માટે પણ દરેક યુનિટ દીઠ ૨ અલોટેડ પાર્કિંગ જેમાંથી ૧ બેઝમેંટ અને ૧ ગ્રાઉન્ડ ફ્લોર પર આપવામાં આવ્યા છે.

કેમ્પસના તમામ આંતરિક રસ્તાઓ આર.સી.સી.નાં બનાવવામાં આવ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ 'કેચ ધ રેઈન' અને જળ સંચય ના આપેલા વિચારને અનુરૂપ ભૂગર્ભમાં વરસાદી પાણીના સંગ્રહ માટે રેઈન વોટર હાર્વેસ્ટિંગ જેવી સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવી છે.

એટલું જ નહીં, આ નવનિર્મિત સદસ્ય નિવાસ સંકૂલ પરિસરમાં કુલ ૬૦૦ નવા વૃક્ષોનું વાવેતર કરીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના પર્યાવરણ જાળવણીના સંકલ્પને સાકાર કરવા માટે નક્કર કદમ ભરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ભવિષ્યની સંભવિત આવાસ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને હાલના ૧૨ બ્લોકના ૨૧૬ આવાસોમાંથી ૧૦ બ્લોકના ૧૮૦ આવાસોમાં ફિક્સ તથા લુઝ ફર્નીચર સાથે અને બાકીના ૨ બ્લોકના ૩૬ આવાસો ફક્ત ફિક્સ ફર્નિચર સાથે તૈયાર કરવામાં આવ્યા છે.

અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે વર્ષ ૧૯૭૦-૭૧માં ગુજરાત વિધાનસભાના સદસ્યોની રહેઠાણ સુવિધા માટે ગાંધીનગર સેક્ટર ૧૭ માં ૪૧.૪૬ ચોરસ મીટરના એક બેડરૂમ, એક ડ્રોઈંગ રૂમ કિચન ટોયલેટ ની સુવિધા સાથેના આવાસો બનાવવામાં આવ્યા હતાં.

સમયાંતરે વધુ આવાસોની જરૂરિયાત ઊભી થતા ૧૯૯૦- ૯૧ માં સેક્ટર ૨૧ ખાતે ૮૫.૩૦ ચોરસ મીટર બાંધકામ વાળા બે બેડરૂમ ડ્રોઈંગ રૂમ કિચનની સુવિધા સાથેના કુલ ૧૬૮ આવાસોના ત્રણ માળના કુલ ૧૪ બ્લોકમાં નિર્માણ કરવામાં આવ્યા હતા.

હવે પ્રવર્તમાન સમયને અનુરૂપ તથા ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ નવા સુવિધા સભર સદસ્ય નિવાસ સંકુલનું નિર્માણ પૂર્ણ થતા તેનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.



આ આવાસોમાં પ્રતિ યુનિટ ૧૭૦.૩૨ ચો.મી. કાર્પેટ એરિયાના બાંધકામ અન્વયે 3BHK માં ઓફિસ રૂમ વિથ વેઈટીંગ રૂમ, સર્વન્ટ રૂમ , ૧ કિચન, ૧ ડાઈનિંગ રૂમ, ૧ લિવિંગ રૂમ વીથબાલ્કની, ૧ ડ્રેસીંગ રૂમ અને ૨ ટોઈલેટની સુવિધાઓ પુરી પાડવામાં આવી છે.

તમામ ઈન્ટિરિયર ફર્નિચર સાથેના આવાસો ઉપરાંત ૨ લિફ્ટનો પણ સમાવેશ થાય છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહે આ નિવાસ સંકુલના લોકાર્પણ કર્યા પછી આવાસની મુલાકાત લઈને નિરીક્ષણ કર્યું હતું અને અદ્યતન સુવિધાઓથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

આ લોકાર્પણ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબહેન પટેલ, જિલ્લાના ધારાસભ્યશ્રીઓ, શહેર ભાજપ પ્રમુખશ્રી આશિષ દવે, સંગઠનના પદાધિકારીઓ તેમજ મ્યુનિસિપલ કાઉન્સિલર શ્રીઓ અને માર્ગ મકાન સચિવશ્રી પ્રભાત પટેલીયા તથા વિભાગ અને જિલ્લા વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડૂતની દુર્દશા! ૬૬ હજારનો ખર્ચ કરી ડુંગળી ઉગાડી, મળ્યા માત્ર ૬૬૪ રૂપિયા

(સંપૂર્ણ સમાચાર સેવા)પુણે

મહારાષ્ટ્રના પુણેમાં એક ખેડૂત માટે ડુંગળીનું ઉત્પાદન મુશ્કેલી લાવ્યું. તેણે એક એકર જમીનમાં ડુંગળીની ખેતી કરી હતી, જેના પર ૬૬ હજાર રૂપિયાનો ખર્ચ થયો હતો. વરસાદને કારણે સુદમ ઈંગલે નામના આ ખેડૂતનો ઘણો પાક બરબાદ થઈ ગયો હતો. પરંતુ ખેડૂતો મહામહેનતે પોતાનો કેટલોક પાક બચાવી લીધો હતો. આ ડુંગળી વેચવા માટે ખેડૂત માર્કેટમાં પહોંચ્યો હતો. ખેડૂતો ડુંગળીના પેકેજિંગમાં ૧૫૦૦ રૂપિયા જેટલો ખર્ચ કર્યો હતો. પરંતુ તેને ૭.૫ ક્વિન્ટલ ડુંગળીના માત્ર ૬૬૪ રૂપિયા મળ્યા.

ખેડૂત કહે છે કે તેની પાસે હજુ પણ વધુ ડુંગળી બાકી છે, પરંતુ તેને વેચવાને બદલે, તે તેને ખાતરમાં રૂપાંતરિત કરશે અને આવતા વર્ષે વેચશે. સુદમ ઈંગલેએ સમજાવ્યું કે ખાતર વેચવાથી વધુ નફો થશે. ઈંગલેએ કહ્યું, "હું પ્રમાણમાં મોટો ખેડૂત છું. ઘણા નાના ખેડૂતો જેમની પાસે ફક્ત ૧ કે ૨ એકર જમીન છે, તેમણે ખેતી માટે લોન લીધી છે. આટલા બધા નુકસાન પછી તેઓ કેવી રીતે જીવશે? જો સરકાર કંઈ નહીં કરે, તો ખેડૂતોની આત્મહત્યા વધશે."

એ નોંધવું જોઈએ કે મહારાષ્ટ્રમાં, માત્ર ડુંગળી જ નહીં પરંતુ બટાકા, દાડમ અને ટામેટાં જેવા પાકને પણ નોંધપાત્ર નુકસાન થયું છે.

દિવાળી પહેલા કમાણી ન થવાને કારણે ઘણા લોકો આ તહેવાર ઉજવી શકતા નથી. નાસિકના એક APMC સભ્યએ જણાવ્યું કે આ વર્ષે દિવાળીની ઉજવણી માત્ર શહેરોમાં થઈ કારણ કે ગામના લોકો પાસે દીવો ખરીદવાના પણ પૈસા નથી. લાસલગાંવ APMC એશિયાનું સૌથી મોટું માર્કેટ છે. અહીં ૫૦૦થી ૧૪૦૦ રૂપિયામાં પ્રતિ કિલો ડુંગળી વેચાઈ છે. ૭ મહિના સુધીની સેલ્ફ લાઈફ હોવાને કારણે ખેડૂતે ચેને વેચી નહીં. તેનાથી વધુ ભાવ મળવાની આશામાં ભેગી કરી હતી અને હવે તેને વેચવામાં આવી રહી છે. હવે વરસાદને કારણે નવો પાક ખરાબ થઈ ગયો છે અને બાકીની ડુંગળીની ક્વોલિટી ખરાબ છે અને ખૂબ ઓછા ભાવે વેચાઈ રહી છે.

સુદમ ઈંગલેએ સમજાવ્યું કે ખેડૂતોને તેમના ખેતરો તૈયાર કરવા, રોપાઓ ખરીદવા, તેમને પેક કરવા અને બજારમાં તેમના ઉત્પાદનને લઈ જવાથી લઈને નોંધપાત્ર ખર્ચ થાય છે. બદલામાં તેમને મળતી ઓછી કિંમત એક મોટી અસુવિધા છે. ખેડૂત માણિકરાવ ઝેન્ડેએ પોતાની દુર્દશા સમજાવતા કહ્યું, "બજારના ભાવને જોતાં, મેં મારા ડુંગળીના પાકને વેચ્યો નહીં અને તેને ખાતરમાં રૂપાંતરિત કર્યો, જેનાથી નુકસાન ઓછું થયું. આ વર્ષે, મેં દાડમની ખેતીમાં ૧.૫ લાખ રૂપિયાનું રોકાણ કર્યું. અવિરત વરસાદને કારણે, છોડ કાળા પડી ગયા, અને મારે તેને ફેંકી દેવા પડ્યા. સીતાફળના છોડ સાથે પણ આવું જ થયું. મેં લગભગ ૧ લાખ રૂપિયા ગુમાવ્યા, અને પાક ૫૦,૦૦૦ રૂપિયામાં વેચવો પડ્યો."

### વિસનગરના ગુંજા નજીક બનેલી ઘટના

# સાધુવેશમાં આવેલો ઠગ વૃદ્ધનો સોનાનો દોરો-વીંટી લઈ ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

વિસનગરથી એક્ટિવા પર વડનગર જઈ રહેલા વૃદ્ધ દંપતી સાથે ગુંજા નજીક કારમાં સાધુવેશમાં આવેલા શખ્સે વિશ્વાસમાં લઈ સોનાનો દોરો અને વિંટી મળી રૂ.૨.૬૫ લાખની ઠગાઈ આચરતાં ચકચાર મચી છે.વિસનગરની સુર્યોદય સોસાયટીમાં રહેતા નિવૃત્ત નટવરભાઈ સોમાભાઈ પ્રજાપતિ તથા તેમનાં પત્ની સોમવારે બપોરે એક્ટિવા પર વડનગર જવા નિકળ્યાં હતાં. બપોરે સાડા બારેક વાગ્યે તેઓ ગુંજા નજીક પરમ શ્રેસર કંપની આગળ પહોંચ્યા ત્યારે એક અલ્ટો કારમાંથી તેમને હાથ બતાવતાં તેમણે એક્ટિવા સાઈડમાં કર્યુ હતું. કાર તેમની પાસે આવીને ઊભી રહી ત્યારે તેમાં ખાલી સાઈડે નાગો બાવો બેઠો હતો અને ડ્રાઈવિંગ સીટ પર અન્ય શખ્સ હતો. તેમણે ગોઝારિયા જવાનો રસ્તો પૂછીને નટવરભાઈ સાથે વાતચીત ચાલુ કરી વિશ્વાસમાં લીધા હતા. ભગવાન તારું સારું કરશે વગેરે કહીંને ચર્ચા કર્યા બાદ તેણે તમારો સોનાનો દોરો તથા વિંટી આપી દો તેમ કહેતાં નટવરભાઈએ પોતાનો આશરે પોણા બે તોલા સોનાનો દોરો તથા ૬ ગ્રામની સોનાની વિંટી કાઢીને તેને આપી દીધી હતી. તેઓ જતા રહ્યાના થોડા સમય બાદ છેતરાયા હોવાનો અહેસાસ થતાં નટવરભાઈ વિસનગર તાલુકા પોલીસ મથકે દોડી આવ્યા હતા અને કારચાલક તથા સાધુવેશમાં આવેલા ઠગ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

### પિતા-પુત્રીના સંબંધોને કલંકિત કરતી ઘટના

# માતા ઝઘડો કરી ઘર છોડી ગઈ તો પિતાએ દીકરીને પીંખી નાખી

**બાળકીએ પાડોશમાં રહેતી એક વૃદ્ધાએ સમગ્ર આપવીતી સંભળાવ્યા બાદ આ ભયાનક કૃત્યનો પર્દાફાશ થયો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)ફરીદાબાદ

હરિયાણાના ફરીદાબાદમાં એક શરમજનક અને ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ભૂપાની વિસ્તારમાં એક રિક્ષાચાલક પિતાએ જ પોતાની ૧૪ વર્ષની સગીર પુત્રી પર દુષ્કર્મ આચર્યુ હતું. બાળકીએ પાડોશમાં રહેતી એક વૃદ્ધાએ સમગ્ર આપવીતી સંભળાવ્યા બાદ આ ભયાનક કૃત્યનો પર્દાફાશ થયો હતો. પોલીસે આરોપી પિતાની ધરપકડ કરીને તેને કોર્ટમાં રજૂ કર્યો, જ્યાંથી તેને જેલમાં મોકલી દેવામાં આવ્યો છે. અહેવાલો અનુસાર, આરોપી ભૂપાની વિસ્તારની એક કોલોનીમાં તેની બે પુત્રીઓ સાથે રહેતો હતો. તે રિક્ષાચાલક છે અને ડ્રગ્સનો વ્યસની છે. તેના સતત ઝઘડા અને હિંસાથી કંટાળીને તેની પત્ની લગભગ એક વર્ષ પહેલા ચાર બાળકો સાથે તેને છોડીને જતી રહી હતી, જ્યારે બે પુત્રીઓ પિતા સાથે રહેતી હતી. ડ્રગ્સના વ્યસનને કારણે પિતા હંમેશા ગુસ્સામાં રહેતો હતો. તેણે આઠ-નવ દિવસ સુધી તેની ૧૪ વર્ષની પુત્રીને પોતાની ખરાબ નિયતનો શિકાર બનાવી હતી. જ્યારે પણ બાળકી વિરોધ કરતી, ત્યારે આરોપી પિતા તેને મારી નાખવાની ધમકી આપતો હતો. આ કારણે ડરી ગયેલી પુત્રીએ કોઈને જાણ કરી ન હતી.પિતાના કૃત્યોથી બાળકીની તબિયત બગડી હતી. આશરે પાંચ દિવસ પહેલા તેણે પોતાની પીડા પાડોશમાં રહેતી એક વૃદ્ધાને જણાવી. વૃદ્ધ મહિલા બાળકીને ડૉક્ટર પાસે લઈ ગઈ, જ્યાં તબીબી તપાસ દરમિયાન ડૉક્ટરે પુષ્ટિ કરી કે બાળકી સાથે અયોગ્ય કૃત્ય થયું છે. આ માહિતી મળતા જ પોલીસે ફરિયાદ નોંધી. બાળકીની તબીબી તપાસ કરાવવામાં આવી અને મેજિસ્ટ્રેટ સમક્ષ તેનું નિવેદન પણ નોંધવામાં આવ્યું છે. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી પિતાની ધરપકડ કરી અને તેને કોર્ટમાં રજૂ કર્યો, જ્યાંથી તેને ન્યાયિક કસ્ટડીમાં જેલમાં મોકલી દેવામાં આવ્યો છે. પોલીસે આ સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટમાં દુર્ઘટના ઘટી: જેતપુરમાં ફનફેરમાં ચાલુ રાઈડ તૂટી પડી, બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત

**આ દુર્ઘટનામાં એક દંપતીને ગંભીર ઈજા પહોંચી હતી, જેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. જેતપુર ખાતે દર વર્ષે યોજાતા દિવાળી ફનફેરમાં શુક્રવારે (૨૪ ઓક્ટોબર) સાંજે મોટી દુર્ઘટના સર્જાઈ હતી. ફનફેરમાં ચાલુ 'બ્રેકડાન્સ' રાઈડ અચાનક તૂટી પડતાં દોડધામ મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં એક દંપતીને ગંભીર ઈજા પહોંચી હતી, જેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, રાજકોટમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળી નિમિત્તે જેતપુરમાં દિવાળી ફનફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ફનફેરમાં શુક્રવારે (૨૪ ઓક્ટોબર) દુર્ઘટના સર્જાઈ હતી. જ્યારે લોકો ત્યાં મેળા અને રાઈડ્સની મજા માણી રહ્યા હતા, ત્યારે એકાએક ચાલુ બ્રેકડાન્સ રાઈડ તૂટી પડી હતી. આ દુર્ઘટનામાં ધવલ મંડલી અને તેમની પત્ની ગાયત્રી મંડલી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જોકે, બંનેને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. હાલ, દંપતીની સ્થિતિ ખૂબ જ ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. ફનફેરમાં રાઈડ તૂટ્યાની સાથે જ આયોજકો અને ત્યાં હાજર લોકોમાં ભય અને ભાગદોડનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. પોલીસે ત્વરિત કાર્યવાહીના ભાગરૂપે મેળો બંધ કરાવી દીધો અને દુર્ઘટનાના કારણોની તપાસ હાથ ધરી છે. પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા હવે એ દિશામાં તપાસ કરવામાં આવી રહી છે કે, આ દિવાળી ફનફેરને આયોજન માટે પૂરતી મંજૂરી મળી હતી કે નહીં. આ સાથે જ, રાઈડ્સની સુરક્ષા અને જાળવણીના માપદંડોનું પાલન થયું હતું કે નહીં તે અંગે પણ તપાસના ચક્રો ગતિમાન કરાયા છે. નોંધનીય છે કે, આજથી પાંચ વર્ષ પહેલાં ૧૪ જુલાઈ ૨૦૧૯માં અમદાવાદના કાંકરિયામાં પણ રાઈડ દુર્ઘટના સર્જાઈ હતી. ત્યારે ચાલુમાં 'ડિસ્કવરી' નામની પેન્ડુલમ રાઈડ તૂટી પડી હતી, જેમાં બે લોકોના મૃત્યુ થયા હતા અને ૨૯ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટના બાદ રાજ્ય સરકારે તમામ રાઈડ્સની સુરક્ષા તપાસ અને જાળવણીના નિયમો વધુ કડક બનાવ્યા હતા. લાંબા સમય સુધી રાજ્યની તમામ રાઈડ્સ બંધ કરી દેવામાં આવી હતી, તેમ છતાં રાજકોટમાં આવી જ દુર્ઘટનાનું ફરી એકવાર પુનરાવર્તન થયું છે. રાજ્યમાં જ્યારે કોઈ મોટી દુર્ઘટના બને ત્યારે ટૂંકા ગાળા માટે તેને લાગતી વળગતી વસ્તુઓ બંધ કરી દેવામાં આવે છે. બ્રિજ તૂટે તો અન્ય જર્જરિત બ્રિજની તપાસ હાથ ધરી તેને બંધ કરવામાં આવે. વડોદરામાં હરણી કાંડ બાદ બોટિંગના નિયમો કડક કર્યા અને ટૂંકા ગાળા માટે બોટિંગ બંધ કરી દીધી. શાળાના પ્રવાસ દરમિયાન દુર્ઘટના થાય તો પ્રવાસ બંધ કરી દેવામાં આવે. પરંતુ, થોડા સમય બાદ જ્યારે ફરી બધું શરૂ કરવામાં આવે ત્યારે સ્થિતિ તેની તે જ રહે છે. સરકારના કડક નિયમો ફક્ત સમાચાર અને કાગળ પૂરતા જ જોવા મળે છે.

# અમદાવાદના શિલજમાં ફાર્મ હાઉસમાં દારૂ મહેફિલ ઝડપાઈ: ૨૦ નબીરાઓની પોલીસે કરી અટકાયત

**સમગ્ર ઘટનામાં ફાર્મ હાઉસમાં કોની પરમિશનથી પાર્ટી ચાલતી હતી તેને લઈ તપાસ શરૂ કરી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના પોશ વિસ્તાર શિલજમાં ફરી દારૂ પાર્ટીમાં પોલીસે ભંગ પાડયો છે અને દારૂ, હુક્કા સહિતનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે, ૬ મહિલા સહિત ૧૫થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે, બોપલ પોલીસ ફરિયાદ નોંધવાની કાર્યવાહી હાથ ધરી અને સમગ્ર ઘટનામાં ફાર્મ હાઉસમાં કોની પરમિશનથી પાર્ટી ચાલતી હતી તેને લઈ તપાસ શરૂ કરી છે.

અમદાવાદની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં લોકો ફાર્મ હાઉસ ખરીદતા હોય છે અને તેને વીકએન્ડના સમયમાં ભાડા પર પણ આપતા હોય છે, ત્યારે શિલજમાં આવેલ ઝેફાયર ફાર્મમાં પોલીસે દરોડા પાડયા હતા અને દારૂની મહેફિલ ઝડપી પાડી હતી, પોલીસને બાતમી હતી અને તેના આધારે કાર્યવાહી કરવામાં આવી છે, ઝેફાયર ફાર્મ હાઉસમાં આ મેહિફલ ચાલતી હતી અને અચાનક પોલીસ ત્યાં પહોંચી અને તપાસ શરૂ કરી હતી તો હુક્કા પણ મળી આવ્યા છે. આ ફાર્મનો માલિક મિલન પટેલ હોવાનું સામે આવ્યું છે અને તેની પણ ધરપકડ પોલીસે કરી છે.પોલીસ ત્યાં પહોંચી તો નબીરાઓ શાંતિથી દારૂની મહેફિલ માણી રહ્યાં હતા અને સાથે હુક્કા પણ હોવાની વાત સામે આવી છે, તો પોલીસે ૬ મહિલાની પણ અટકાયત કરી છે અને કુલ ૧૧થી વધુ લોકો ઝડપાયા છે, મહત્વનું છે કે, આ પાર્ટીમાં જે લોકોએ દારૂનું સેવન નથી કર્યુ તેની સામે ગુનો નોંધ્યો નથી, તો બીજી તરફ જે લોકો નશાની હાલતમાં ઝડપાયા હતા તે લોકોના મેડિકલ રીપોર્ટ પણ કઢવવામાં આવ્યા છે, ત્યારે આ પાર્ટીમાં મોટા માથા હોઈ શકે તેવી વાત સૂત્રો તરફથી સામે આવી છે. રેવ પાર્ટીની મંજૂરી કોણે આપી તેને લઈ અનેક સવાલો ઉભા થયા છે, આ રેવ પાર્ટીમાં વિદેશી નાગરિકો હોવાની વાત સામે આવી છે અને ૨ ભારતીય નાગરિકો હોવાની વાત સામે આવી છે.

પોલીસ તરફથી મળતી માહિતી પ્રમાણે વાત કરીએ તો આ પાર્ટીમાં મોટા ભાગના લોકો વિદેશી છે અને ૨ ભારતીય છે, બોપલ પોલીસે મોડીરાતે દરોડો પાડીને ૨ ભારતીયો સહિત ૨૦ NRIને દારૂ પાર્ટી કરતા પકડી પાડ્યાં છે. ઝડપાયેલા લોકોએ પાર્ટી માટે સ્પેશિયલ પાસ પણ છપાવ્યા હતા. પાર્ટીના પાસમાં દારૂ પીવા માટે અનલિમિટેડ પી શકાય તેવો ઉલ્લેખ કરાયો હતો. વિદેશી વિદ્યાર્થી દારૂની પાર્ટી કરતા ઝડપાયા છે અને દારૂ, હુક્કા સહિતનો મુદ્દામાલ પોલીસે કર્યો કબ્જે જેમાં કેન્યા, મોંગોલિયાના વિદ્યાર્થીઓ પાર્ટી કરતા પકડાયા છે, જહોન નામના વિદ્યાર્થીએ પાર્ટીનું આયોજન કર્યુ હતું અને ઝડપાયેલા વિદેશીઓને મેડિકલ ટેસ્ટ માટે લઈ જવાયા છે, આફ્રો ડાન્સ નાઈટ નામથી પાર્ટી યોજાઈ હતી અને ફાર્મ હાઉસમાં ઠેર ઠેર દારૂની બોટલ, બીયરના ટીન મળ્યા છે પોલીસને, અમદાવાદ સિટી ફાર્મ હાઉસ પાર્ટીમાં ડીજેના કલાકારો વિદેશી હતા અને પાર્ટીના પાસનો ભાવ ૭૦૦ રૂપિયાથી ૨૫૦૦ રૂપિયા હતો.

# તહેવારના દિવસોમાં ૭૪૦૦+ દર્દીઓએ OPDમાં સારવાર લીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

દિવાળીનો તહેવાર આનંદ અને ઉલ્લાસનું પર્વ છે, પરંતુ ફટાકડાના અસુરક્ષિત ઉપયોગને કારણે દર વર્ષે અનેક લોકો ઈજાનો ભોગ બને છે. આપેલા આંકડાઓ મુજબ, તહેવારના છ દિવસના ટૂંકા ગાળામાં જ ફટાકડાને કારણે ૩૦ દર્દીઓએ ઓપીડીમાં સારવાર લેવાની ફરજ પડી હતી. આ દર્દીઓમાં ફટાકડાના અલગ-અલગ પ્રકારોથી ઈજા થઈ હતી, જેમાં ૬ દર્દીઓને 'અનાર'ના કારણે, ૧૦ દર્દીઓને 'રોકેટ'ના કારણે અને ૧૪ દર્દીઓને 'બોમ્બ' ફૂટવાના કારણે ઈજા થઈ હતી. આ સિવાય, ચાર વ્યક્તિઓ એટલી ગંભીર રીતે દાઝી ગયા હતા કે તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે ફટાકડા ફોડતી વખતે યોગ્ય સાવચેતી રાખવી કેટલી અનિવાર્ય છે, અન્યથા ખુશીનો માહોલ ગંભીર દુર્ઘટનામાં ફેરવાઈ શકે છે.

ફટાકડાની ઈજાઓ ઉપરાંત, તહેવારના દિવસોમાં અન્ય પ્રકારના અકસ્માતોમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. દિવાળીના ગાળામાં અકસ્માતના કારણે ૧૫૦ લોકોને અલગ-અલગ પ્રકારે સારવાર આપવાની ફરજ પડી હતી. આ ૧૫૦ દર્દીઓમાંથી ૬૪ લોકોને ગંભીર ઈજાઓ હોવાથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યારે અન્ય ૮૬ લોકોને ઓપીડીમાં સારવાર આપી રજા આપવામાં આવી હતી. આના પરથી કહી શકાય કે તહેવારની ધમાલમાં વાહન ચલાવતી વખતે કે અન્ય પ્રવૃત્તિઓમાં લોકોની બેદરકારીને કારણે અકસ્માતોનું પ્રમાણ ઊંચું રહ્યું હતું. અકસ્માતો અને ઈજાઓના આ પ્રવાહને કારણે તહેવારના દિવસોમાં હોસ્પિટલના તબીબી સ્ટાફ પરનો બોજ અનેકગણો વધી ગયો હતો.

અકસ્માતો અને ફટાકડાને કારણે થયેલી ઈજાઓ ઉપરાંત, તહેવારના છ દિવસ દરમિયાન સામાન્ય દર્દીઓની સંખ્યા પણ ખૂબ મોટી રહી હતી. આ સમયગાળા દરમિયાન કુલ ૭૪૦૦ થી વધુ દર્દીઓએ ઓપીડીમાં સારવાર લીધી હતી અને ૧૪૦૬ લોકોને વિવિધ બીમારીઓના કારણે દાખલ કરવાની ફરજ પડી હતી. તબીબી આંકડાઓ મુજબ, માત્ર આ છ દિવસમાં જ ૫૧૨ ઓપરેશન કરવામાં આવ્યા હતા. આ આંકડાઓ તહેવારના સમયમાં પણ આરોગ્ય સંભાળની જરૂરિયાત અને હોસ્પિટલોની સજ્જતા દર્શાવે છે. જોકે, ફટાકડા અને અકસ્માત સંબંધિત કેસોના વધારાએ તહેવારની ઉજવણી પર ગંભીર પ્રશ્નાર્થ મૂક્યો છે, જે દર્શાવે છે કે ખુશીની સાથે સાવધાની પણ એટલી જ જરૂરી છે.

### કાળી ચૌદશ અને દિવાળીની રાત્રિ બની કાળરાત્રિ

# દિવાળીના તહેવારમાં ૧૦ લોકોની હત્યાથી ગુજરાત થયું રક્તરંજિત!

**અમદાવાદ, રાજકોટ, છોટાઉદેપુર, મોરબી, ગાંધીનગર અને જૂનાગઢ જેવા શહેરોમાં ખૂની ખેલ ખેલાયા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાતમાં ક્રાઈમ જાણે ચરમસીમાએ પહોંચ્યો હોય એ રીતે કાળી ચૌદશ અને દિવાળી એમ બે જ દિવસમાં ૧૦ લોકોની હત્યા થઈ ગઈ છે. આ ખૂબ જ ગંભીર બાબત છે. કાયદો ખાલી કાગડિયા પર હોય એવું લાગી રહ્યું છે. ત્યારે ૧૦ હત્યાની વાત કરીએ તો કાળી ચૌદશ અને દિવાળીની ૪૮ કલાકની અંદર જ ૧૦ લોકોની હત્યા કરવામાં આવી હતી.

૧. સૌથી પહેલા રાજકોટ આવે છે. અહીં ૧૮ કલાકમાં ૪ લોકોની હત્યા થઈ હતી. કાળી ચૌદશના દિવસે ત્રિપલ મર્ડર થયા બાદ દિવાળીના દિવસે મિત્રએ જ મિત્રની હત્યા કરી નાખી હતી.

૨. બીજી ઘટના છે છોટાઉદેપુરના ખડકલા ગામની. જ્યાં કાળી ચૌદશના દિવસે કાકાના ઘરે આવેલા ભત્રીજાએ ગાડીની ચાવી માગી હતી પણ ચાવી ન આપતા ભત્રીજાએ કાકાને લાકડીથી માર માર્યો. આ ઝઘડામાં દાદા વચ્ચે પડ્યા તો ભત્રીજાએ આવેશમાં આવીને પોતાના જ દાદાની હત્યા કરી નાખી.

૩. ત્રીજી ઘટના અમદાવાદના અમરાઈવાડી વિસ્તારની છે. જ્યાં અનૈતિક સંબંધની શંકાને કારણે કાળી ચૌદશના દિવસે એક યુવકને હત્યા થઈ હતી. જેમાં આરોપી પોતાની પત્નીને અન્ય યુવક સાથે જોઈ જતા ખૂની ખેલ રમાયો હતો.

૪. ચોથી ઘટના પણ અમદાવાદની જ છે. જ્યાં રાણીપમાં દિવાળીના પિતાએ પુત્રની હત્યા કરી છે. બેરોજગાર પુત્ર અવારનવાર ઝઘડો કરીને પિતાને હેરાન કરતો હતો. આખરે ત્રાસી ગયેલા પિતાએ ધારિયાથી પુત્રની હત્યા કરી નાખી.

૫. પાચમી હત્યા મોરબીના વાકાનેરમાં થઈ હતી. જ્યાં દિવાળીના દિવસે પાડોશીઓ વચ્ચેના ઝઘડાનું સમાધાન કરાવવા ગયેલા ૨૦ વર્ષના યુવકની હત્યા કરવામાં આવી હતી. આ હત્યાના કારણે પરિવારજનોની દિવાળી માતમમાં ફેરવાઈ હતી.

૬. છઠ્ઠી હત્યાની વાત કરીએ તો ગાંધીનગરના દહેગામમાં દિવાળી રાત્રે કેટલાક યુવાનોએ ૧૮ વર્ષના યુવકની છરીના ઘા મારીને હત્યા નીપજાવી દીધી હતી.

અજાણ્યા શખ્સો જાણે કાળ બનીને આવ્યા હોય એ રીતે ચાકૂના ૯ ઘા માર્યા હતા અને સારવાર દરમિયાન યુવકે દમ તોડી દીધો હતો.

૭. સૌથી છેલ્લે સાતમી ઘટના વિશે જણાવીએ તો જૂનાગઢમાં દિવાળીની રાત્રે ફટાકડા ફોડવા જેવી બાબતે એક યુવકને મોતને ઘાટ ઉતાર્યો હતો. જેના પર નિવૃત પીએસઆઈના પુત્ર અને એક મહિલા સહિત ૫ લોકોએ હુમલો કર્યો હતો અને પુત્ર ગુમાવતા એકલવાયી માતા પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો.

આમ તહેવારના ૨ દિવસોમાં સૌથી વધુ ૪ હત્યા રાજકોટમાં અને અમદાવાદમાં ૨ હત્યા સહિત અલગ-અલગ શહેરોમાં કુલ ૧૦ લોકોનું ઢીમ ઢાળી દેવાયું હતું. એટલે કહી શકાય કે, દિવાળીના પર્વે આપણું ગુજરાત લોહીની હોળીથી રક્તરંજિત બન્યું હતું.

# ઊંઝા-બહુચરાજી તાલુકામાં એકથી દોઢ ઈંચ વરસાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી વચ્ચે આજે શનિવારે વહેલી સવારે મહેસાણા, ઊંઝા, પાલનપુર સહિત આસપાસના વિસ્તારમાં વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો.

એક તરફ વહેલી સવારની ગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો હતો, ત્યારે જ બીજી તરફ કમોસમી વરસાદ શરુ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. શિયાળાની શરુઆત સાથે ઊંઝા- બહુચરાજી પંથકમાં વહેલી સવારે ધોધમાર વરસાદ વરસ્યો હતો. કારતક મહિનામાં એકથી દોઢ ઈંચ વરસાદ ખાબકતાં અષાઢી માહોલ જામ્યો હતો. દોઢ ઈંચ જેટલા વરસાદના લીધે ઊંઝા રેલવે અંડરપાસ સહિત નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

આ ઉપરાંત પાલનપુર, ઊંઝા અને મહેસાણા સહિત મહેસાણાના ઐઠોર ચોકડી અને આસપાસના વિસ્તારોમાં પણ પાણી ભરાતા વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાના કારણે વાહનચાલકો મુશ્કેલીમાં મૂકાયા હતા. તો બીજી તરફ કમોસમી વરસાદના લીધે ખેડૂતોમાં કપાસ, રાયડો, કઠોળ, જુવાર સહિતનો પાક જવાની ચિંતા ફેલાઈ છે.

અરબ સાગર અને બંગાળની ખાડીમાં સર્જાયેલી સિસ્ટમના કારણે આગામી ૨૫થી ૨૭ ઑક્ટોબર સુધી રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ માટે છૂટાછવાયા કમોસમી વરસાદની આગાહી કરી છે તો કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આજે (૨૫ ઑક્ટોબર) વલસાડ, નવસારી, ડાંગ, સુરત, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ અને દીવમાં ભારે વરસાદની આગાહી સાથે યલો ઍલર્ટ જાહેર કર્યું છે.

આવતીકાલે (૨૬ ઑક્ટોબર) વલસાડ, ડાંગ, નવસારી, ભરુચ, સુરત, અમદાવાદ, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

જ્યારે ૨૭ ઑક્ટોબરે વલસાડ, ડાંગ, નવસારી, ભરુચ, સુરત, અમદાવાદ, ખેડા, ગાંધીનગર, અરવલ્લી, સાબરકાંઠા, મહેસાણા, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, રાજકોટ, અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, દ્વારકા, જામનગરમાં ભારે વરસાદની આગાહી છે.

### HRA મુજબ ભાડું વસૂલવાનો મહત્વનો નિર્ણય લીધો

# ગુજરાત યુનિવર્સિટીના નિવૃત્ત કર્મચારીઓ પણ હવે નેતાઓના માર્ગે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ જેમ કોઈ મતદારોના વોટ મેળવી ચૂંટાયેલો નેતા કે મંત્રી ચૂંટણી હાર્યા પછી પણ પોતાને મળેલી સુખ સાયબી કે બંગલો ખાલી કરતા નથી તેમ હવે આ નિવૃત્ત સરકારી કર્મચારીઓ પણ આ નેતાઓના માર્ગે જવા લાગ્યા છે. ગુજરાત યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થયા બાદ પણ અધ્યાપકો, કર્મચારીઓ યુનિવર્સિટીએ આપેલા ક્વાર્ટર્સ ખાલી કરતા નથી. વર્ષોથી આવા ક્વાર્ટર્સમાં હક જમાવી બેઠેલા આવા નિવૃત્ત કર્મચારીઓએ હવે ક્વાર્ટર્સ ખાલી કરવા પડશે. ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકમાં મહત્વનો નિર્ણય લેવાયો છે.હાલમાં જ ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક મળી હતી. બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે. જેમાં હવે નિવૃત્ત કર્મચારીઓ યુનિવર્સિટી ક્વાર્ટરમાં નહીં રહી શકે. ગુજરાત યુનિવર્સિટીને નિવૃત્ત કર્મચારીઓ ક્વાર્ટર્સ ખાલી ન કરતા હોવાની ફરિયાદ મળી હતી. આ ફરિયાદના કારણે નિર્ણય લેવાયો છે. ગુજરાત યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગને પણ મળેલી ફરિયાદના આધારે ક્વાર્ટર્સ માટે કોઈ ચોક્કસ પોલિસી ઘડાવી પડશે તેવું લાગી રહ્યું હતું. જેથી હવે નિવૃત્ત કર્મચારીએ ત્રણ મહિનાની અંદર ક્વાર્ટર્સ ખાલી કરવું પડશે. તેમની પાસે ત્રણ મહિના માટે પણ એચ.આર.એ મુજબ ભાડું વસૂલશે. યુનિવર્સિટીની બેઠકમાં ચર્ચા થયા મુજબ ૧૦થી વધારે નિવૃત્ત કર્મચારીઓ હજુ પણ ભાડા વિના ક્વાર્ટર્સમાં રહી રહ્યા છે. આ બાબત ગુજરાત યુનિવર્સિટીની ધ્યાને આવી છે. જેથી તેમને ક્વાર્ટર ખાલી કરવાનો ૩ મહિનાનો સમય આપ્યો છે. ૩ મહિનામાં તેઓએ ક્વાર્ટર્સ ખાલી કરવું પડશે. તેમજ તેમની નિવૃત્તિની તારીખથી અત્યાર સુધીનું ભાડું HRA મુજબ લેવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત યુનિવર્સિટીમાં રહેતા રિસર્ચ સ્કોલર કે જેઓની પાસે અત્યાર સુધી નજીવું ભાડું લેવામાં આવતું હતું પરંતુ યુનિવર્સિટીનો ખર્ચ તેમાંથી નીકળતો ન હોય હવે ભાડું ૧૫૦૦ સુધીનું લેવામાં આવશે. મહત્વનું છે કે હાલમાં ૩૦થી ૪૦ જેટલા રિસર્ચ સ્કોલર યુનિવર્સિટીના સ્ટાફ ક્વાર્ટર્સમાં રહે છે. તો વળી યુનિવર્સિટીએ ટર્મિનેટ કરી દીધેલા કર્મચારીઓ પણ ક્વાર્ટર્સ ખાલી નહીં કરતા હોવાનું ધ્યાને આવ્યું છે.

### વડોદરામાં અસામાજિક તત્વોનો આતંક

# મકરપુરા GIDCમાં ૧૦ થી વધુ રીક્ષાઓમાં કરી તોડફોડ

**રોજી-રોટીનું એકમાત્ર સાધન હોવાથી, આ ઘટનાથી ગરીબ પરિવારોની આજીવિકા પર ગંભીર અસર પડી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલા અલવાનાકા GIDC (ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન)માં અસામાજિક તત્વોનો ત્રાસ ફરી એકવાર સામે આવ્યો છે. રાત્રીના અંધારામાં બેફામ બનેલા લુખ્ખા તત્વોએ પાર્ક કરેલી ૧૦થી વધુ રીક્ષાઓમાં ધમાલ મચાવી તોડફોડ કરી હતી. આ અસામાજિક તત્વોએ રીક્ષાઓના કાચ તોડ્યા, સીટ ફાડી નાખી અને અન્ય ભાગોને નુકસાન પહોંચાડીને રીક્ષાચાલકોને લાખોનું નુકસાન પહોંચાડ્યું છે. રીક્ષાચાલકો માટે તેમનું વાહન જ તેમની રોજી-રોટીનું એકમાત્ર સાધન હોવાથી, આ ઘટનાથી ગરીબ પરિવારોની આજીવિકા પર ગંભીર અસર પડી છે.

આ તોડફોડની સમગ્ર ઘટના નજીકમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે, જેમાં સ્પષ્ટપણે બે યુવકો રીક્ષાઓને નુકસાન પહોંચાડતા જોવા મળી રહ્યા છે. પોલીસે આ વાયરલ થયેલા CCTV ફૂટેજને મહત્ત્વપૂર્ણ પુરાવા તરીકે લઈને તેમની તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ફૂટેજના આધારે પોલીસે અસામાજિક તત્વોની ઓળખ સ્થાપિત કરીને તેમને ઝડપી પાડવાની કામગીરી શરૂ કરી છે. રીક્ષાચાલકોએ પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવીને તાત્કાલિક ધોરણે આ લુખ્ખા તત્વો સામે કડક કાર્યવાહી કરવાની અને નુકસાનનું વળતર અપાવવાની માંગ કરી છે.અલવાનાકા GIDC જેવા ઔદ્યોગિક વિસ્તારમાં રાત્રીના સમયે આ પ્રકારની તોડફોડની ઘટના બનવી એ વડોદરાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર ગંભીર સવાલો ઉભા કરે છે. સ્થાનિકો અને રીક્ષાચાલકોમાં ભયનો માહોલ ફેલાયો છે.

લોકોની માંગ છે કે પોલીસ દ્વારા આ વિસ્તારમાં રાત્રીના પેટ્રોલિંગમાં વધારો કરવામાં આવે અને પકડાયેલા આરોપીઓ સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવે જેથી અન્ય કોઈ આવી હિંમત ન કરે.

પોલીસ પણ આ ઘટનાને ગંભીરતાથી લઈને વહેલી તકે આરોપીઓને કાયદાના સકંજામાં લેવા માટે કાર્યવાહી કરી રહી છે.

# ફટાકડાની બબાલનો કરુણ અંજામ: પાલડીમાં જીવલેણ હુમલામાં ઈજાગ્રસ્ત યુવકનું મોત થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના પાલડી વિસ્તારમાં દિવાળીના તહેવાર દરમિયાન ફટાકડા ફોડવા જેવી નજીવી બાબતે થયેલી બબાલનો કરુણ અંજામ આવ્યો છે. આ બબાલમાં બે ભાઈઓ પર લુખ્ખા તત્વો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. હુમલા બાદ યુવકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ લાંબી સારવાર બાદ આ યુવકનું દુઃખદ અવસાન થયું છે. દિવાળીના ખુશીના માહોલમાં બનેલી આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર જગાવી દીધી છે.ઈજાગ્રસ્ત યુવકનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં, પાલડી પોલીસે આ કેસની ગંભીરતાને ધ્યાનમાં લઈને તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આ કેસમાં અગાઉ નોંધાયેલા ગુનામાં હવે ભારતીય દંડ સંહિતા (IPC)ની હત્યાની કલમ ૩૦૨ ઉમેરીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે આ જીવલેણ હુમલો કરવા બદલ અત્યાર સુધીમાં ૧૧ જેટલા આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પોલીસે તમામ આરોપીઓની પૂછપરછ કરીને હુમલા પાછળનો ચોક્કસ ઈરાદો અને સમગ્ર ઘટનાક્રમ જાણવાના પ્રયાસો હાથ ધર્યા છે.ફટાકડા ફોડવાની સામાન્ય તકરારમાં બે ભાઈઓ પર થયેલા આ સામૂહિક હુમલાને પોલીસે ગંભીર ગુનો ગણીને ઝડપી કાર્યવાહી કરી છે. ૧૧ આરોપીઓની ધરપકડ એ વાતની સાબિતી આપે છે કે તહેવારોના સમયમાં કાયદો હાથમાં લેનારા કે હિંસક કૃત્ય કરનારા કોઈપણ તત્વોને બક્ષવામાં આવશે નહીં. મૃતક યુવકના પરિવારજનોએ ન્યાયની માંગણી કરી છે અને પોલીસ આ મામલે મજબૂત કેસ તૈયાર કરવા માટે સઘન તપાસ કરી રહી છે.